राम रसायण.

ગુજરાતી ભાષાન્તર.

લખનાર,

પંડ્યા બુલાખીરામ રણછોડ, ડાકોર.

ભાઇ અમૃતલાલ દામોદરદાસની મદદથી
છપાવી પ્રસિદ્ધ કરનાર
શાહ. કેશનદાસ મોહનલાલ,
અમદાવાદ.

ધી અમદાવાદ—યુનિયન પ્રીન્ટીંગ પ્રેસ કંપની
લીમીટેડમાં મોતીલાલ શામળદાસે છાપ્યું.

સંવત ૧૯૬૫ સને ૧૯૦૯

કીંમત ૨ આના.

ॐ

राम रसायण.

ગુજરાતી ભાષાન્તર.

લખનાર,
પંડયા બુલાખીરામ રણછોડ, ડાકોર.

ભાઇ અમૃતલાલ દામોદરદાસની મદદથી
છપાવી પ્રસિદ્ધ કરનાર
શાહ. કેશનદાસ મોહનલાલ,
અમદાવાદ.

ધી અમદાવાદ—યુનિયન પ્રીન્ટીંગ પ્રેસ કંપની
લીમીટેડમાં મોતીલાલ શામળદાસે છાપ્યું.

સંવત ૧૯૬૫ સને ૧૯૦૯

કીંમત ૨ આના.

પ્રસ્તાવના.

ઘણાં પુસ્તકો એવાં હોય છે કે, મુમુક્ષુજનોને તેનો યથાર્થ લાભ મળે તો તે દ્વારા પોતાની શ્રદ્ધા અને બુદ્ધિ અનુસાર પોતાના કલ્યાણને શોધી શકે છે. આ રામ રસાયણ પણ તે પંક્તિનોજ ગ્રંથ છે. તેના કર્તા કોઇં માણેકદાસજી નામના સાધુ છે. તેઓએ હિંદી ભાષામાં દોહા લખીને તેની ટીકા રૂપે નીચે ગ્રંથ લખેલું છે. દોહાની મતલબ સમજાવવા સારૂં દ્રષ્ટાંતરૂપે બીજાં વાકયો લખીને દોહાના અર્થનો બોધ કરેલો છે. ગ્રંથ લખવાની પદ્ધતી ઘણી ઉત્તમ અને ભાષા ઘણીજ સાદી લખેલી છે. આ ગ્રંથ હિંદી ભાષામાં હોવાથી તે ભાષા નહીં સમજનારને તેનો પુરો લાભ મળી શકે નહીં, તે કારણથી તેનું આ ગુજરાતી ભાષાન્તર કરવાની ઇચ્છા થઇ છે. તેનો દરેક મુમુક્ષુ પુરૂષ યથા લાભ લેશે તો કરેલો પરિશ્રમ સફળ થયો ગણાશે. મને હિંદી ભાષાનું પૂર્ણ જ્ઞાન નહીં હોવાથી અથવા અર્થનું જુદુ સ્વરૂપ સમજાવાથી ભાષાન્તર કરવામાં કાંઇ દોષ થયો હશે, તો તે સજ્જનો સુધારી લેશે. આ ભાષાન્તર પૂર્ણ થવાને માટે તથા તેમાં વખતો વખત આવતી અડચણો દુર થવા માટે અમદાવાદના શાહ કૃષ્ણદાસ મોહનલાલે પૂર્ણ મદદ કરી છે. અને તેઓના અત્યંત આગ્રહથીજ આ ભાષાન્તર સજ્જન સમક્ષ મુકવા વખત

આવ્યો છે. મેં આ ભાષાન્તર કાંઇ વિદ્વાન કે કવી તરીકે ગણાવા માટે લખ્યું નથી. પણ ફકત ઇશ્વર સ્મરણ તરીકે પ્રભુ પ્રેરિત બુદ્ધિથી જે કાંઇ લખ્યું છે, તે સજ્જનોની સેવામાં અર્પણ કરૂં છું. ઇતિ શીવમ્.

શ્રી ડંકપૂર અશાડ શુકલ
ગુરૂ પૂર્ણિમા.
સંવત ૧૯૬૫.

લી. શેવક,
ભાષાન્તર કર્તા

શુદ્ધી પત્રક

પૃષ્ટ	પંક્તી.	અશુદ્ધ	શુદ્ધ
૨	૧૪	પરતુ	પરંતુ
૪	૬	નામરાજા	રામનામ
૪	૨૨	સંપૂણુ	સંપૂર્ણ
૬	૧	અકૃવ્ય	અકૃતવ્ય
૬	૨૦	વિવૃત્તી	નિવૃત્તી
૮	૬	તિવૃત્તી	નિવૃત્તી
૧૧	૫	કાર્યોની	કાર્યની
૧૧	૧૧	સુચનાદિક	સુચનાદીક
૧૪	૨૧	ને	તે
૧૫	૪	નારાય.	નારાયણ
૧૫	૮	પ્રકણાર્થે	પ્રકર્ણાર્થે
૧૯	૪	અતરાય નથી	અંતરાયન
૧૯	૧૫	વષયાદિક	વિષયાદિક
૨૦	૨૩	કરા	કરી
૨૧	૧૭	અવલબેન	અવલંબન
૨૪	૧૮	શેવ	શેવક
૨૬	૨	કરે કે,	કરે છે કે,
૨૯	૧૦	નારાયની	નારાયણની.
૩૦	૪	કુહી	કહી
૩૦	૧૭	ચચળ	ચંચળ
૩૧	૫	નિંદ્રા	નિદ્રા

પૃષ્ઠ.	પંક્તિ.	અશુદ્ધ.	શુદ્ધ.
૩૧	૭	સુસુપ્તી	સુષુપ્તી
૩૩	૮	જ્યાંથી	જ્યારથી
૩૬	૧૫	ઘાસગૃહ	ગૃહઘડ
૩૮	૧૬	કીડા	ક્રીડા
૩૯	૧૦	ૈારવાદિ	રૌરવાદિ
૪૧	૧૧	ધર્યાદિ	ધૈર્યાદિ
૪૩	૧૦	બંધન કરતાં	બંધન કરતા
૪૪	૧	થવા,	થાવ,
૪૫	૧૪	ભગવ્	ભગવદ્
૪૬	૩	સહુ	સહુમાં
૫૨	૧૭	સ વ	સરવ
૫૪	૫	થયુ	થયું
૫૪	૧૦	કામદેની	કામદેવની
૫૫	૧૭	રામ	દામ
૫૯	૨	બાંહિમુખ	બહિર્મુખ
૬૧	૭	મનુસ્ય	મનુષ્ય
૬૨	૨૧	મનુસ્યને	મનુષ્યને
૬૫	૧	મરિતમાં	મસ્તિમાં



श्री गीता माहात्म्य.

सब शास्त्रनको सार, श्री गीता सब शास्त्रनको सार. टेक. वेद उपनिषद धेनु बनाई, वछरा कुंतिकुमार श्री गी. १ दुहुनेहारा ग्वाल कन्हैया, दुहि गीता पयधार; सो गीतामृत पय औंटायो, कर्म क्रिया व्यवहार. श्री. गी. २ भक्तिरूप मन दधि तहँ जाम्यो. हरिचरनन निरधार; मथत मथत नवनीत प्रकास्यो, श्री हरि साक्षात्कार. श्री. गी. ३ ज्ञानसहित विज्ञान श्यामको, घृतरस एकाकार; जो पय दधि नवनीत अमृत सब, भवरुज भंजनहार. श्री. गी. ४ प्रेमसाहित एकहू जे सेवाहिं, पावहिं भवजल पार; श्री हरिदास मिटावैं श्रीहारि, आवागमन अपार. श्री. गी. ५

॥ श्री राम रसायण ॥

શ્રી ગણેશાયનમઃ શ્રી પરમાત્મનેનમઃ શ્રી રામચંદ્રાય નમઃ અથ શ્રી રામ રસાયણ પ્રારંભ. ગ્રંથની નિર્વિઘ્નતાને માટે, સદાચાર પરિપાલન માટે, પરમ મંગલાત્મક નારાયણના નામનું સ્મરણરૂપ મંગલાચરણ બે દોહરા વડે કરીએ છીએ.

૧ દોહા. વિઘ્ન વિનાશક જયકરણ, પરમ પુનિત યશનામ; ભક્ત વચ્છલ શ્રી રામજી, કરો મુજ ઉર પૂર ધામ.

(૧) અર્થ. શુભ ગુણાદી શાહુકાર લોકથી રહીત અને કામ ક્રોધાદિ દુર્જનોથી પૂર્ણ. જે હમારૂં અંતઃકરણ રૂપ નગ્ર તેમાં શ્રી રામચંદ્રજી સદા વાસ કરો. કેમકે પ્રભુ પોતે પધારવાથી અને સદા વાસ કરવાથી શમ દમાદિ શાહુકાર લોક પણ આવી વસશે. અને કામ ક્રોધાદિ ચોર લોક નાશી જશે. એટલે સારી વસ્તીથી શોભિત સુનગ્ર જણાશે. (શંકા.) ઈંદ્રાદિ સર્વે રાજાઓના મહારાજા શ્રી રામચંદ્રજી તે તમારા અધમ અંતઃકરણમાં કેમ વાસ કરશે ? (સમાધાન.) શ્રી રામજીને ભક્ત પ્યારા છે, પણ

મહા સમૃદ્ધિવાન અભક્ત પ્યારા નથી; માટે અધમ પણ ભક્તના અંતઃકરણમાં વાસ કરશે. શ્રી રામજીનું જે નામ અને કિર્તી છે, તેજ અધમતાનો તત્કાલ નાશ કરીને ભક્તના અંતઃકરણમાં નારાયણને સ્થાપન કરી દે છે; માટે મ્હારા અંતઃકરણમાં પણ શ્રીરામજી આવી વાસ કરશે.(૧)

દોહા—મંગલમય મંગલ સદા, સર્વ કલ્યાણ કલ્યાણ;
પાવનથી પાવન અતિ, રામનામ સત જાણ. ૨

અર્થ, સર્વ મંગલોને મંગલ કરવા વાળા અને સર્વ કલ્યાણને કલ્યાણ કરવા વાળા અને સર્વ પાવનને પાવન રૂપ કરવા વાળા, જે પરમ મંગળ, પરમ કલ્યાણ, પરમ પાવનરૂપ શ્રી રામજીનું નામ સદા સર્વદા પરમ મંગલ રૂપજ જાણવું. કારણ વિવાહ—જન્માદિ બીજાં જે મંગળ રૂપ કાર્યો છે, તે ફક્ત આરંભ કાલમાં જ મંગળ રૂપ છે, પરંતુ સદા મંગળરૂપ નથી; અને નારાયણનું નામ આરંભકાલમાં અને ફળકાળમાં સદા સર્વદા મંગલ રૂપજ છે. માટે સર્વ મંગળોમાં તે પરમ મંગળ છે. એજ રીતે જેટલાં કલ્યાણકારી યજ્ઞ તપાદિ સુભ સાધન છે, તેમાં પણ શ્રી રામનામ પરમ કલ્યાણકારી છે; કારણ યજ્ઞાદિક જે છે તે વિઘ્નાદિવડે અકલ્યાણ રૂપ પણ થઇ જાય છે, અને રામનામ તો સદાય કલ્યાણકારી છે. વળી ગંગાજલાદિ પવિત્ર વસ્તુઓમાં પણ શ્રી રામનામ પરમ પવિત્ર છે; કારણ ગંગાજલાદિક મદિરા આદિના સંસર્ગથી અપવિત્ર થઇ જાય છે; અને રામનામને કોઈ અપવિત્ર વસ્તુઓનો સંસર્ગ લાગતો નથી માટે સદા પરમ પવિત્ર છે. પ્રભાસ પુરાણમાં કહ્યું છે કે,

॥ श्लोक ॥

मधुर मधुरमेंतन्मंगलं मंगलानां ।
सकल निगमवल्लि सत्फलं चित्स्वरूपं ॥
सकृदपि परिगीतं श्रद्धया हेलया वा ।
भृगवर नर मात्रं तारयोंद्विष्नु नाम ॥ १ ॥

વિશ્નુનું નામ શ્રદ્ધા વડે કરીને અથવા અનાદર કરીને પણ એકવાર કહેવાય તો આ સંસારથી તારે છે. તે નામ કેવું છે કે, સર્વ મધુર વસ્તુઓમાં પરમ મીઠું છે; સર્વ મંગળ મધ્યે પરમ મંગળરૂપ છે; અને સર્વ વેદ રૂપ કલ્પવૃક્ષનું એ ઉત્તમ ફળરૂપ છે; વળી નારાયણના સ્વરૂપનું યથાર્થ ભાન કરાવનારૂં છે; અને ચિત્તસ્વરૂપ છે.

॥ श्लोक ॥

राम नाम रसास्वाद शेषोवेति शिवोपिवा ॥
आकाशस्व यथापारं गरुडोवेतीन मक्षिका ॥ २ ॥

રામનામરૂપી જે રસ એટલે અમૃતતાનો સાર એટલે સ્વાદતાને સંપૂર્ણ તો શેષજીજ જાણે છે; અને શંકર પણ જાણેછે; પણ જેવું શેષજી જાણેછે તેવું શંકર પણ જાણતા નથી. (શંકા) જેમ શેષજી સર્વજ્ઞ ઇશ્વર છે, તેમ શંકર પણ સર્વજ્ઞ ઇશ્વર છે; ત્યારે શેષજી અને શંકરના જાણવામાં નુન્યાધિક શું ? (સમાધાન.) શંકર તથા શેષજી બંને સર્વજ્ઞ ઇશ્વર છે, તથાપી રૂચીમાં નુન્યાધિકતા છે. જેવી રામનામમાં શેષજીની રૂચી છે તેવી શંકરની રૂચી નથી; કારણ શેષજીને એક મુખવડે નામ સ્મરણથી સંતોષ નહીં થવાથી હજાર મુખ કર્યાં; હજાર મુખમાં એક જીહ્વાથી

સંતોષ ના થયો ત્યારે એક એક મુખમાં બબે જીભ્હા કરી ને સૃષ્ટીના આદિકાલથી માંડીને પ્રલય પર્યંત નવાં નવાં રામનામ લે છે; એવી રીતે નામ સ્મરણથીજ રામનામને વિશે શેષજીની અત્યંત રૂચી સિદ્ધ થાય છે. શીવજી સહસ્ત્ર મુખ અને એક એક મુખમાં બબે જીભ્હા કરવા સમર્થ છે. પરંતુ સહસ્ત્ર મુખ નહી કરતાં પાંચ મુખથીજ નામ રામ લે છે. માટે કાંઇક ન્યુન રૂચી હોવાનો નિશ્ચય થાય છે. અને જીવ જે છે તેતો પોતામાં જેટલું શાસ્ત્રનું બળ હોય, અને જેટલું બુદ્ધિનું બળ હોય તેટલો જ રામનામનો મહિમા જાણે છે. સંપૂર્ણ જાણતા નથી. જેમ આકાશનો પાર સંપૂર્ણ ગરૂડજી જાણે છે. પણ મક્ષિકા આદિક પક્ષી જાણતાં નથી. તે યથાશક્તિ આકાશમાં ગતીતો કરે છે, પણ તેને સંપૂર્ણ પાર જાણતાં નથી; અને ગરૂડતો બ્રહ્માં-ડથી પર જેવૈકુંઠ છે, ત્યાં નારાયણની સમિપમાં રહે છે. અને સર્વ લોકની નીચે પાતાલ લોકમાં ગયા હોય, પણ નારાયણ જ્યારે યાદ કરે ત્યારે સર્વ લોકને ઉલંઘન કરીને તત્કાલ ત્યાં આવે છે. માટે ગરૂડની ગતી અત્યંત છે, તેથી ગરૂડજ આકાશનો પાર જાણે છે, તેમજ રામનામનો સં-પૂર્ણ મહીમા શેષ અને શંકરજ જાણે છે. બીજા જીવ સં-પૂર્ણ જાણતા નથી. (શંકા.) સંપૂર્ણ નામ મહિમા જાણ્યા વગર નામમાં સંપૂર્ણ રૂચી કેવી રીતે થઇ શકે ? અને સંપૂણ નામ કેવી રીતે લઇ શકાય ? તો પછી જીવોનું ભલું પણ શી રીતે થઇ શકે ? (સમાધાન.) જેમ હાથીને મણની ભુખ છે તેને મણ ખોરાક મળે ત્યારે ત્રપ્તી થાય છે, અને કીડીને એક કણની ભુખ હોય છે. તો તેને એક કણથીજ

ત્રપ્તી થાય છે. માટે ભુખના ભેદે કરીનેજ અહારમાં ભેદ થાય છે; પણ ત્રપ્તીરૂપ ફળમાં કાંઈ ભેદ નથી. તેમજ યથાશક્તિ રામનામ લીધાથી પણ મુક્તિ થાય છે. રામનામનો મહિમા અપાર છે, તથાપી આપણી બુદ્ધિ અનુસાર રામ નામનો મહિમા નિરૂપણ કરે છે.

દોહા—રામ રામ કહો રામ કહો, વાર વાર કહો રામ;
રામ કહ્યાથી થાય છે, પુન્ય પુંજ એક ઠામ. ૩

નારાયણનું નામ છે તે પરમ મંગળરૂપ છે, અને પરમ કલ્યાણરૂપ છે.માટે વારંવાર ફરિફરિ રામ રામ કહો. કારણ રામ કહ્યાથી સર્વ વિધિયુક્ત, યજ્ઞ, દાન, તપાદિ સર્વ કર્મનો ઢગલો થાય છે. વિશ્નુ ધર્માન્તરમાં કહ્યું છે કે,

॥ શ્લોક ॥

गौ कोटि दानं ग्रहणेषुकाश्यां । प्रयाग गंगा युत कल्प वासः ॥
यज्ञायूतं मेरु सुवर्ण दानं । गोविंद कीर्तने सप्तंशतांशैः ॥ ३॥

કાશીમાં જઈને ગ્રહણ સમયને વિષે કોટી ગાયોનું દાન દે, પ્રયાગમાં જઈ ત્રિવેણીના ત્રટ ઉપર અયુત કલ્પાન્તર વાસ કરે, અને અયુત યજ્ઞ કરીને સુમેરૂ બરાબર સુવર્ણનું દાન કરે, પરંતુ તે સર્વે પુણ્ય જે છે તે એકત્ર કરે તો પણ ગોવિંદ કિર્તનના સોમા ભાગની પણ બરાબરી થઈ શકે નહી. પદ્મપુરાણુમાં પણ કહ્યું છે કે, શાસ્ત્રને વિષે કૃતવ્ય અને અકૃતવ્ય સંબંધી અનેક પ્રકારથી કહ્યું છે, તે એક પુરૂષથી અનેક કર્મ બને નહી, માટે જે કોઇ પોતાનું ભલુ ઈચ્છે તેણે સદા સર્વદા નારાયણનું સ્મરણ કરવું. નારાયણ પોતેજ સર્વ

કૃતવ્ય અકૃત્યના રાજા છે અને સર્વ કૃતવ્ય તેઓના ચાકર છે. માટે નારાયણને કદી પણ વિસારવા નહી. જે પુરૂષ સદા નારાયણનું સ્મરણ કરે છે, તે બીજાં યજ્ઞાદિક કર્મ ના કરે તોપણ તેણે તે કર્યા બરાબર છે. જેમ એક રાજાને જીત્યો તો તેના તાબાના દરેક નોકર ચાકરને જીત્યા ગણાય છે. તેમજ નારાયણને વિસારે તેણે બ્રહ્મહત્યાદિક નિષિધ કર્મ ના કર્યાં હોય તોપણ તે કર્યા બરાબર છે. કેમકે નારાયણનુ વિસ્મર્ણ એજ સર્વ અનર્થનું કારણ છે, માટેજ નામ સ્મરણથી સર્વ પૂણ્યની સિદ્ધિ કહી તે શાસ્ત્ર વિરૂધ નથી.

દોહા—રામ રામ મુખથી કહો, રાખી દઢ વિશ્વાસ;
રામ કહ્યાથી થાય છે, સકળ પાપનો નાશ. ૪

જો કોઇ સર્વ પાપની નિવૃત્તી ઇચ્છે તો દઢ વિશ્વાસ કરીને નારાયણનું નામ સમરવું. કેમકે જુદાં જુદાં પ્રાયશ્ચિતોથી એક એક પાપનીજ નિવૃત્તી થાય છે જેમ બ્રહ્મહત્યાનું પ્રાયશ્ચિત કર્યાથી બ્રહ્મહત્યાનીજ નિવૃત્તી થાય છે, બાલહત્યા ગૌહત્યાદિકની નિવૃત્તી થતી નથી. પણ નારાયણના નામ સ્મરણથી તો સર્વ પાપની નિવૃત્તી થાય છે. જેમ જુદાં જુદાં ઓષડોથી જુદા જુદા રોગની નિવૃત્તી થાય છે, સર્વ રોગની નિવૃત્તી થતી નથી; પણ અમૃતપાન કરવાથી સર્વ રોગ માત્રની વિવૃત્તી થાય છે. તેમજ રામનામથી સર્વ પાપની નિવૃત્તી થાય છે. "કૃષ્ણ" એવું બે અક્ષરનું નાનું સરખુ મંગલાત્મક નામ છે તે જે પુરૂષની વાણીમાં પ્રવર્તે છે, તે પુરૂષની પાપની નિવૃત્તીને માટે તો કહેવુંજ શું જેમ નાનો સરખો અગ્ની સુકા ઘાસના બીડમાં જવાથી તતકાળ ભસ્મ કરી દે છે. તેમ તેનાં કોટાન

કોટી બ્રહ્મહત્યાદિક પાતક તત્કાલ નાશ થઇ જાય છે. માટે સદા સર્વે નારાયણનું સ્મરણ કરવું.

॥ નારાયણ સ્મરણ એજ સર્વનું કૃતવ્ય છે.

દોહા હરે પાપ પ્રતિબંધ પ્રભુ, ઉદય ભક્તિ કરે આપ;
કરે ઉદ્દીપન જ્ઞાનને, રામનામ પ્રતાપ. ૫

જગતમાં, અજ્ઞ, મુમુક્ષુ, અને વિદ્વાન એ પ્રમાણે ત્રણ પ્રકારનાં મનુષ્ય છે. તેમાં જે અજ્ઞ છે તે શ્રી રામજીનો મહિમા જાણ્યા શિવાયજ શ્રી રામજીનું નામ લે છે; અને તેથી તેના પાપની નિવૃત્તી થાય છે; અને પૂણ્યની વૃદ્ધિ થાય છે. મુમુક્ષુ બે પ્રકારના છે. એક જ્ઞાન વડે મોક્ષની ઇચ્છા કરે છે. અને એક ભક્તી વડે મોક્ષની ઇચ્છા કરે છે. તેમાં જે જ્ઞાન અધિકારી જ્ઞાનમાં અંતરાય ભૂત જે રાગ દ્વેષાદિ દોષ છે તેને દૂર કરીને નારાયણનું નામ લેતો અપરોક્ષ નારાયણનું જ્ઞાન પ્રગટ થાય; અને ભક્તિ દ્વારા મોક્ષની ઇચ્છાવાળા પુરૂષને ભક્તિ ઉદે થાય. અને અપરોક્ષ ભક્તી પ્રગટ થયા છતાં પણ જો નામ લે તો ભક્તિની વૃદ્ધિ અને પુષ્ટિ થાય. અને જે વિદ્વાન છે તેને વિધિ સહિત કાંઇ કૃતવ્ય કરવાનું નથી. તે પણ નારાયણના નામનું સ્મરણ કરે તો જ્ઞાન પ્રકાશ પામે. જેમ દિપક ઉપર મોગરો આવવાથી તે ઝાંખો થાય છે, અને મોગરો કાઢી નાંખવાથી અધિક પ્રકાશવાન થાય છે. તે પ્રમાણે નારાયણની વિસ્મૃતીરૂપ મોગરાથી જ્ઞાન ઝાંખુ થાય છે તે નારાયણના સ્મરણરૂપ સંકોરણથી જ્ઞાન પ્રકાશ પામે છે. માટે સર્વે નારાયણનું સ્મરણ કરવું. ॥ ૫ ॥

દોહા—સુકૃત કાંઇ કર્યું નહી, કર્યું પેટ ભરિ પાપ;
રામ સ્મરણ કર્યું જ્યારથી,મટયું પાપ સહુ આપ. ૬

જગતમાં દેહ ધરિને યજ્ઞ દાનાદિ કાંઇ પણ સુકૃત ના કર્યું હોય, અને પાપ કરવામાં કાંઈ પણ કચાસ રાખી હોય નહી; એવો પુરૂષ પણ નારાયણને શરણે જઇને સદા શ્રી નારાયણનું સ્મરણ કરે તો તેનાં સર્વ પાપની નિવૃત્તી થાય છે અને મોક્ષનો અધિકારી થાય છે. જેમ કોઈ મોટા રાજાનો ગુનેગાર ચોર તેણે અનેક અપરાધ કર્યા હોય, તથાપી પરિવાર સહિત હાથ બાંધીને પોતે રાજાની સમીપમાં આવી પોતાનું માથું રાજાના પગમાં ધરિને કહે કે મારૂં શિર આપના ચરણમાં અર્પણ છે ચાહ્ય તો શિરચ્છેદ કરો અને ચાહ્ય તો પાઘડી બંધાવો હવે હું તમારે શરણ છું. આ પ્રમાણે શરણ આવેલા ગુનેગારને રાજા કાંઇ કરી શકતા નથી. અને તેને અભય આપે છે. તેમ નારાયણને શરણે આવેલા અપરાધીની નારાયણ પોતે ક્ષમા કરીને તેની રક્ષા કરે છે. રામાયણમાં કહ્યું છે કે—

॥ શ્લોક ॥

सकृद्देव प्रपन्नायस्तवा स्मीतिचयाचत ॥
अभयं सर्वदा दास्ये इत्रि जन्म व्रतं ममः ॥

અર્થ એક વખત મારે શરણ આવીને હું તમારો છું મારી રક્ષા કરો એમ બોલી અભયને માગનાર શત્રુ હોય તોપણ તેને હું અભય આપુછું. એવો મ્હારો જન્મનોજ સ્વભાવ છે. ॥ ૯ ॥ હવે નારાયણની શેવાથીજ સર્વ કર્તવ્યની સમાપ્તી કહે છે.

દોહા.—કર્યું કર્યું સૌકો કહે, પણ નવ કીધું કાંઈ;
રામ સ્મરણ કીધા વિના શું કરિયું જગમાંહી. ૭

યજ્ઞ હોમ કંઇ ના કર્યું, કર્યું ન જપતપ દાન;
પણ જો રામસ્મરણ કર્યું, ફળ સહુ કર્યા સમાન.૮

જગતમાં જે મુરખ છે તે કહે છે કે, હમે યજ્ઞ કર્યા, દાન કર્યા, તિર્થ કર્યા, પણ જ્યાં સુધી નારાયણનું નામ સ્મરણ રૂપ ભજન ના કર્યું ત્યાં સુધી કાંઇ પણ કર્યુંજ નથી. કેમકે સર્વ કર્મની પરિપુર્ણતા તો નારાયણની શેવા જ છે, જે કરવાથી કાંઇ કર્તવ્ય રહેતું નથી. કારણ,કે મુક્તિ થાય છે અને નારાયણની શેવા રહિત બદ્ધ જીવોને અનેક પ્રકારનાં કર્તવ્ય જેમનાં તેમ લાગેલાં છે. એટલે કર્યું શું ? અર્થાત કાંઇ પણ ના કર્યું. જેમ સ્વપ્નમાં ભોજનાદિ કર્યા સરખાં ભાસે છે પણ કાંઈ કર્યું નથી, તેમ અજ્ઞાનીને કર્તવ્ય કર્યું ભાસે છે પણ કાંઇ કર્યું નથી. કર્યું તો ત્યારે કહેવાય કે જે કરવાથી ફરી કાંઈ કરવાનું બાકી રહે નહી. જેણે ફક્ત નારાયણનું સ્મરણ યથાર્થ કર્યું હોય અને બીજાં યજ્ઞ હોમાદિ સુકૃત કાંઇ પણ ના કર્યા હોય, તો પણ તેણે સર્વ સુકૃત કર્યા સમજવાં. કેમકે અમૃત પાનથી સર્વ ભોજનની પરિસીમા તેમ નારાયણ સ્મરણથી સર્વ કૃતવ્યની પરિસીમા થાય છે. પછી કાંઇ પણ કર્તવ્ય રહેતું નથી. મહાન પુરૂષોનું કહેવું છે કે.

॥ શ્લોક ॥

यदो मधु मथन त्वंदंधि सेवा हृदिविदधाति जहांतिवा विवकी ॥
तदखिल मपि दुष्कृतं त्रिलोक कृतं न कृतं कृतंच सर्वम्. ॥

અર્થ. હે મધુ રાક્ષસને મારવાવાળા પ્રભુ! જે પુરૂષ વિવેકી થઇને તમારા ચરણની શેવા સ્મરણ ધ્યાનાદિકને પોતાના અંતઃકરણમાં ધારણ કરે છે, તેણે ત્રણ લોકમાં જે જે પાપ છે તે સઘળાં કર્યાં હોય તો પણ તે પાપ ન કર્યાં થઇ જાય છે. અને જે પુરૂષ અવિવેકી થઇને તમારા ચરણની શેવાને ત્યાગે છે, તેણે ત્રણ લોકમાં બ્રહ્મહત્યાદિક પાપ કર્યાં તુલ્ય છે, કારણ નારાયણનું વિસ્મર્ણ એજ સર્વ અનર્થનું મુળ છે માટે સદા નારાયણનું સ્મરણ કરવુ. (શંકા) શાસ્ત્રમાં કહેલાં જે પાપ છે તેનાં પ્રાયશ્ચીત કર્યા વગર ફક્ત નારાયણના નામથી જ પાપની નિવૃત્તી કેવી રીતે થઇ શકે? તેમજ યજ્ઞ દાનાદિ સુકૃત કર્યા શિવાય કેવળ નારાયણના નામથી જ સર્વ સુકૃતની પ્રાપ્તિ કેવી રીતે થઇ શકે? કારણ ઘટાદિકના વ્યાપારથી પટાદિકના વ્યાપારનું ફળ મળી શકે નહી. (ઉત્તર) સર્વ પાપની નિવૃત્તી અને સર્વ સુકૃતની પ્રાપ્તિ કરવાની શક્તી હરિનામમાં નથી એવો જેને સંદેહ છે તેને એવી શંકા થાય છે. અથવા હરિ નામથી સર્વ પાપની નિવૃત્તી અને સર્વ સુકૃતની સિદ્ધિ થાય છે,એવું જેનેમાન્ય નથી તેને એવી શંકા થાયછે. અથવા તે સિદ્ધ કરવા પોતની પાસે કાંઇ દ્રષ્ટાંત નથી તેથી એવી શંકા થાય છે.જેમ યજ્ઞાદિક ક્રિયાને વિષે યજ્ઞાદિક એક એક સુકૃત કરવાનું સામર્થ રહેલું છે જેમ બ્રહ્મહત્યાદિકના પ્રાયશ્ચીતમાં બ્રહ્મહત્યાદિક એક એક પાપની નિવૃત્તી કરવાનું સામર્થ રહેલું છે. તેમ નારાયણના નામમાં સર્વ પાપની નિવૃત્તી કરવાનું સામર્થ રહેલું છે. જેમ યજ્ઞાદિક ક્રિયાથી એક એક સુકૃતની સિદ્ધિ અને પ્રાયશ્ચીતથી એક

એક પાપની નિવૃત્તો એવાં હજારો દ્રષ્ટાંત છે. જેમ જગતમાં એક રાજાના જયથી સર્વ ફોજનો જય, એક પૃથ્વીના રાજ્યથી સર્વ ગામનું રાજ્ય, એક પારસની પ્રાપ્તિથી કોટી દ્રવ્યની પ્રાપ્તિ, એક અમૃત પાનથી સર્વ રોગની નિવૃત્તી, ઇત્યાદિક દ્રષ્ટાંત વડે અનેક સમાન કાર્યેની સિદ્ધિ જણાય છે, તેમ નારાયણના નામથી સર્વ સુકૃતની પ્રાપ્તિ અને સર્વ પાપની નિવૃત્તી થાય છે તેમાં શંકા કરવી નહીં. એવું સમાધાન આઠ દોહા વડે કરીને કર્યું છે.

દોહા—શક્તિ બે પ્રકારની છે હરિ નામની માંહી,

સ્વયં અર્થતઃ છે સદા ફળમાં સંશય નહી. ૧૨

હકાર રિકાર એ બે અક્ષરોનું જે હરિનામ છે, તેમાં બે પ્રકારનો શક્તી છે. એકતો સ્વયં એટલે પોતામાં અક્ષરોનો પરસ્પરનો જે સંબંધ તે સંબંધની શક્તી. અને બીજી હરિનામનો અર્થ જે નારાયણ તે નારાયણનો હરિનામથી સંબંધ તે સંબંધથી હરિ નામમાં શક્તી છે તે. માટે સામર્થવાન જે હરિનામ તે આપનું કાર્ય કર્યા જ કરે તેમાં કાંઇ સંશય નથી.

દોહા—પશુ પંખીના શબ્દથી, શુકન અપશુકન મનાય;

સ્વતઃ શકતી એ શબ્દની, ત્યમ રામનામની માંહ્ય. ૧૩

જેમ જગતમાં ગર્ધવ શ્વાનાદિ પશુ અને કાકાદિક પક્ષીના શબ્દથી ઇષ્ટ અનિષ્ટ પ્રાપ્તિની સુચનાદિક કાર્ય સમજાય છે તેવા વ્યર્થ શબ્દમાં પણ શબ્દનું સામર્થ રહેલું છે. વળી કટુ શબ્દમાં ક્રોધ ઉત્પન્ન કરવાની શકતી રહેલી છે, સ્તુતિ વિનયાદિ મીષ્ટ શબ્દમાં પ્રસન્ન કરવાની શકતી

રહેલી છે. તેમ નારાયણના નામમાં સર્વ પાપની નિવૃત્તી કરવાની અને સર્વ સુકૃતની પ્રાપ્તિ કરવાની શકતી રહેલી છે. તેમાં કાંઇ સંશય કરવો નહી (૧૩) હવે અર્થના સંબંધથી નામમાં કાર્ય કરવાની શકતીનું દ્રષ્ટાંત.

દોહા-શત્રુ મિત્રના નામથી, હર્ષ શોક મન હોય;
અર્થ શકતી એ શબ્દમાં, ત્યમ રામ નામમાં જોય,૧૪

જેમ શત્રુરૂપ વિષયના સંબંધથી શત્રુનુ નામ સાંભળે તો મનમાં શોકરૂપ કાર્ય ઉત્પન્ન થાય છે, જેમ સ્ત્રીના પ્રતિપાદક શબ્દ સાંભળવાથી મનમાં કામ ઉત્પન્ન થાય છે; તેમ પરમ પવિત્ર નારાયણ રૂપ વિષય યુક્ત જે નારાયણનું નામ તે નામથી સર્વ પાપની નિવૃત્તી અને સર્વ પૂણ્યની પ્રાપ્તિ રૂપ કાર્ય થાય છે તેમાં આશ્ચર્ય શું છે. (૧૪) હરિ નામની શકતીથી પાપની નિવૃત્તીનું દ્રષ્ટાંત.

દોહા—જેમ ગરૂડના મંત્રથી, હઠે સર્પનું ઝેર;
હરિનામ પરતાપથી, પાપ મટે તે પેર. ૧૫

જેમ ગરૂડાદિકના મંત્રથી સર્પાદિક વિષની નિવૃત્તી થાય છે, જેમ પવિત્ર ગંગાજીના નામ સ્મરણથી પાપની નિવૃત્તી થાય છે. તેમ પરમ પવિત્ર ભગવાનના નામથી પણ પાપની નિવૃત્તી થાય છે. તેમાં સંશય કરવો નહી. ૧૫

દોહા–સર્વ શક્તી કારણ સહુ, છે સરવેશ્વર જેહ;
તેના નામના ફળ વિષે, કરવો નહીં સંદેહ. ૧૬

નારાયણ સકળ જગતના ઈશ્વર છે તેમાં સર્વ કરવાની શક્તી રહી છે, અને તે સર્વ જગતનું કારણ છે. એવા સમર્થના નામમાં સર્વ પાપની નિવૃત્તી આદિક ફળ હોય

તે ઉચિત જ છે. તેમાં કાંઇ સંદેહ નથી. ॥ ૧૬ ॥ હવે નારાયણથી દૂર વૃત્તિ યજ્ઞાદિકથી પાપ નિવૃત્તી આદિક ફળ હોય, તો નારાયણથી સમિપવૃત્તી જે નામ તેથી પાપ નિવૃત્ત્યાદિક ફળ હોય તેમાં મોટી વાત નથી. તે બતાવે છે.

દોહા.—હરિ સાથે હરિનામનો, છે સંબંધ સાક્ષાત;
તેના નામના ફળ વિશે, શી આશ્ચર્યની વાત. ૧૭

જેમ રાજાથી ડરીને રહેવાવાળો રાજાનો ચાકર જે કાર્ય કરે છે તે કાર્ય રાજાની નજીક રહેવાવાળો પ્રધાન કરે તેમાં આશ્ચર્ય નથી. તેમ નારાયણથી પરંપરા જે યજ્ઞ તપાદિક તે જો પાપ નીવૃત્ત્યાદિક કાર્યને કરે છે, તો તે કાર્યને સાક્ષાત સંબંધવાન રામનામ કરે તેમાં આશ્ચર્ય શું છે. ૧૭ કોઇ કહેશે કે કેમ આશ્ચર્ય નહી ? તો કહે છે કે.

દોહા—પ્રગટ જ્ઞાન છે રામનું, રામનામ તે જાણ.
તેનુ પુન્યાદિક કહ્યું, સંશય મન નવ આણ. ૧૮

જેમ આંબાદિક ફળની પ્રાપ્તિ માટે બાગ બનાવ્યો હોય તેને સિંચવાથી ભાજી તરકારી થાય તે બાગનું મુખ્ય ફળ કહેવાય નહી, પરંતુ તે અવાન્તર ફળ છે. તેમજ રામનો બોધ કરવા વાળા રામનામથી પૂણ્યાદિકની સિદ્ધિ તે રામ નામનું મુખ્ય ફળ નહી તે અવાન્તર ફળ છે, મુખ્ય ફળ તો જ્ઞાનદ્વારા સંસારની સંપૂર્ણ નિવૃત્તી અને જ્ઞાનની પ્રાપ્તિ તેજ છે. (શંકા.) રામ નામથી રામજીનું જ્ઞાન કેવી રીતે થશે ? કારણ જ્ઞાનનું સાધન તો શ્રવણ મનનાદિ છે, (ઉત્તર)

દોહા—સ્વતઃ શક્તી જે શબ્દની, તે જણાય જગમાંહી;
તેમ નામની શક્તીમાં, સંશય કરવો નહી. ૧૯

ઘટપટાદિક જેટલાં જગતમાં નામ છે, તે સર્વમાં પોતપોતાનો અર્થ બોધ કરવાની શક્તી દેખીયે છીયે. જેમ કે ઘટ શબ્દ શ્રવણ કરવાથી ઘટનું જ્ઞાન થાય છે અને પટ શબ્દથી પટનું જ્ઞાન થાય છે. તેમ રામનામનો અર્થ જે સત્‌ચિદાનંદ બ્રહ્મ તેનો બોધ કરવાની શક્તી રામનામમાં પણ રહી છે. માટે રામ નામથી રામનો બોધ થાય છે. તેનું નિરૂપણ શાસ્ત્રમાં કર્યું છે કે.

॥ શ્લોક ॥

रमंते योगीनो यत्र सत्यानंदे चिदात्मनी ॥
राम नाम पदे नासौ परब्रह्म भिधियते.

અર્થ. યોગી જે સનકાદિક શુકાદિક તે જે ચૈતન્ય બ્રહ્મને વિષે રમે છે, તેવા યોગીઓના પરમ રમણ સ્થાનક રૂપ જે પરબ્રહ્મ તેનેજ રામનામ શબ્દ કરીને શાસ્ત્રમાં કહે છે. અને જે શ્રવણ મનનાદિક જ્ઞાન સાધન કહેવાય છે તે ૐ તત્‌સત્ બ્રહ્મ ઇત્યાદિક જે રામનાં નામ તેનાથી સ્વતંત્ર બીજાં જ્ઞાન સાધન નથી. કેમકે રામનામના અર્થનું જ શ્રવણ છે અને રામનામના અર્થનું જ મનન છે, તેજ વિચાર છે, અને રામનામના નક્કી અર્થનું નિદિધ્યાસન એજ ધ્યાન છે, માટે તે રામનામનું સહકારી છે. માટે સહકારી કારણથી મુખ્ય કારણનો ભંગ થઇ શકતો નથી; પણ મુખ્ય કારણની પુષ્ટી થાય છે. જેમ રૂપ માટે ચક્ષુ છે ને મુખ્ય કારણ છે. અને સુર્યાદિ પ્રકાશ છે તે સહકારી કારણ છે. કેમકે સુર્ય પ્રકાશ વગર ચંદ્રાદિ પ્રકાશથી પણ ચક્ષુ ઇંદ્રિય

વડે રૂપનું જ્ઞાન થાય છે. પણ ચક્ષુ ઇંદ્રિય વગર સુર્યાદિ પ્રકાશથી શ્રોત્રાદિ ઇંદ્રિયવડે રૂપનું જ્ઞાન થતું નથી માટે ચક્ષુ છે તે રૂપ જ્ઞાન માટે અસાધારણ કારણ છે. અને સુર્યાદિ પ્રકાશ છે તે સાધારણ કારણ છે. તેવી રીતે નારાયનું નામ છે, તે નારાયણ જ્ઞાન પ્રતિ અસાધારણ કારણ છે. અને શ્રવણાદિ સાધન છે તે સાધારણ કારણ છે. માટે રામ નામથી રામના જ્ઞાનની પ્રાપ્તિમાં સંશય કરવો નહી.૧૯ હવે સંક્ષેપમાં પ્રકણાર્થને બતાવીને પ્રકરણની સમાપ્તિ કરે છે.


દોહા—બીજ થકી તો થાય છે, અંકુર ફુલ ફળ જેમ;
મોક્ષ સુધીનું કાર્ય તે, થાય નામથી તેમ. ૨૦

બીજ જેમ અનુક્રમે અંકુર, દલ, પલ્લવ, પત્ર સ્કંધ, શાખા, ઉપશાખા, ફુલ ફળ પર્યંત પોતાના કાર્યને કરે છે તેમ રામનામ છે તે પણ પ્રથમ પાપને નાશ કરે છે, પછી રામનામની વારંવાર આવૃતી કરવાથી પૂણ્ય પુંજની વૃદ્ધિ કરે છે, પછી અંતઃકરણની શુદ્ધિ કરે છે, ત્યાર પછી વૈરાગ્યાદિ સાધનને ઉત્પન્ન કરે છે, પછી રામ નામ છે તેજ બીજની પેઠે ગુરૂને વિષે ભક્તિ ઉત્પન્ન કરે છે, પછી રામનામ પોતેજ ગુરૂમુખ શ્રવણાદિદ્વારા રામજીનું તત્વ જ્ઞાન ઉત્પન્ન કરી દે છે. પછી તત્વજ્ઞાનદ્વારા જનમ મરણાદિ ભ્રાન્તીનું બીજ જે અજ્ઞાન તેને નાશ કરીને પૂર્ણાનંદ એક બોધ જે સ્વરાજ્ય તેને વિષે રામભક્તને સ્થાપન કરી કૃતાર્થ કરીને રામનામથી નિવૃત્ત થાય છે. એ પ્રમાણે બીજની પેઠે રામનામજ પાપ નાશથી તે મોક્ષ પર્યંત અનુક્રમે પોતાના કાર્યને કરે છે. કાલી પુરાણમાં કહ્યું છે કે,

॥ श्लोक ॥

चिघोर्नामे वपुंसः शमल मयनुद्रत पुण्यमुत्पादयच्च ॥
ब्रह्मादि स्थान भोगा द्विरतिमथ गुरौं श्रीपदद्वंद भक्ति ॥
तत्वज्ञानंच विद्यो रिहम त्रिजनन भ्रांति बीजंच दग्धवा ॥
पुर्णानंदेच बोधे महतीच पुरुष स्थापयीत्वानिवृत्तम् ॥

અર્થ. વ્યાપક સિલજે વિષ્ણુ તેનું નામ છે તે પ્રથમ પુરૂષના સમુદલ:પાપનો નાશ કરે છે, પછી મહા પુણ્યોને ઉદય કરે છે. પછી અંતઃકરણની સુદ્ધીદ્વારા બ્રહ્મ લોકાદિનું જે સુખભોગ તેથી વૈરાગ્ય ઉત્પન્ન કરે છે, વૈરાગ્ય છે તેને વિવેકાદિ ત્રતિય સાધનનો ઉપલક્ષણ જાણવો. ચતુષ્ટય સાધનની પ્રાપ્તિ પછી નામ છે તેજ શ્રી ગુરૂ ચરણાર્વીંદને વિષે ભક્તિને ઉત્પન્ન કરે છે. તેજ મુજબ વિશ્નુનું નામં છે તે વિશ્નુ તત્વના જ્ઞાનને ઉત્પન્ન કરે છે, જ્ઞાનદ્વારા જન્મ મરણાદિક ભર્મનુ બીજ જે મુળ અજ્ઞાન તેને બાળીને વિશ્નુ ભક્ત પુરૂષને પુર્ણાનંદ સ્વયં પ્રકાશ એક વ્યાપક જે વિશ્નુનું સ્વરૂપ તેને વિષે સ્થાપન કરીને નામ છે તે પોતાના ઉદ્યમથી નિવૃત્તી પામે છે. માટે રામ નામ છે તેજ સર્વ મોક્ષના સાધનનું બીજ છે.



પ્રકરણ બીજું.

ભજનિક જનની સ્તુતિ પૂર્વક ભજનનું નિરૂપણ કરે છે.

॥ श्लोक ॥

रग्वेदो यजुर्वेदः शामवेदो त्ह्यथर्वणः ॥
अधिसास्ते नयैनोक्तं हरि रित्य क्षरद्वम.

અર્થ. જે મનુષ્યે હરિ એવા બે અક્ષરનો અથવા ૐ એવો એક અક્ષરનો ઉચ્ચાર કર્યો તે પુરૂષને રૂગવેદ, યજુર્વેદ, શામવેદ અને અથર્વેદ એ રીતે ચાર વેદનું અધ્યયન કર્યા બરોબર છે. કેમકે ચારે વેદ અને સર્વ શાસ્ત્ર પુરાણ તથા સર્વ ઇતિહાસાદિક જે છે તે હરિનામમાં રેહેલું છે, માટે નામ લીધું તેણે વેદાદિ સર્વ શાસ્ત્રનું અઠ્યયન કર્યા બરોબર છે. જેમકે બીજને હાથ લીધું તો વૃક્ષને ઉઠાવ્યા તુલ્ય છે.

દોહા—ભણ્યો ન વ્યાકરણ શાસ્ત્રને, ભણ્યો ન વેદ પુરાણ;
ભણ્યો નામ નિત્ય રામનું, સર્વ ભણ્યો તે જાણ.૧

જે મનુષ્ય શાસ્ત્ર વેદ પુરાણાદિ ભણ્યો નથી, તથાપી જે નિત્ય રામ નામ નું ભજન કરે છે તે સર્વ ભણ્યા બરોબર છે. કારણ જે ભણ્યાથી મુક્તિ થાય છે. જેણે નારાયણનું સ્મરણ જરા પણ ના કર્યું. અને ઘણાં શાસ્ત્ર પુરાણ ભણ્યો તો તેથી સિદ્ધિ નહી. તે સહુ ભારરૂપ છે. વિશ્નુ ભક્તિ કલ્પલતામાં કહ્યું છે કે.

॥ श्लोक ॥

भारती पितुरि वास्तु वोग्रेहे भारतो भवतू वाक्य तें रिव ॥
भाराति वसकलां हित द्रुणोयस्य भक्ती रचक्षान माधवे.

અર્થ. સર્વ સંબંધની કરવાવાળી જે માયા તેના સ્વામી જે નિયંતા ઈશ્વર તે ઈશ્વરને વિષે જેની અચળ દ્રઢ ભકતી નથી, તેનું કામદેવના જેવું રૂપ હોય તો પણ તે નકામું છે; કારણ તેવા રૂપે કરી સ્રીયોને મોહ ઉત્પન્ન કરી અનર્થને વધારે છે. તેજ રીતે મુખમાં બ્રહસ્પતિના જેવી વિદ્યા હોય તો પણ તે વિદ્યાથી કાંઈ સિદ્ધિ નહી કારણ કે નારાયણની ભકતીનું જ્ઞાન નથી તેથી અભિમાન દર્પ વિવાદાદિ કરીને તે વિદ્યા અનર્થકારી થશે. માટે માયાના બંધનથી છોડાવવા વાળા માધવની ભકતી રહિત પુરૂષના તપાદિ સર્વ ગુણ હોય તે ભાર રૂપ દુઃખના હેતુ છે. માટે ભગવાન ભજન છે તેજ ઉત્તમ છે. ॥ ૧ ॥ ભગવદ્ ભજન કેવી રીતે કરવું તેનો ખુલાસો.

દોહા—દ્રઢ વિશ્વાસ અતિ પ્રિતથી, ઉર ધરિ ભાવ અપાર;
સદા સમરવા રામને, મનપર થઈ અસ્વાર. ૨

હમારૂં સર્વ પ્રકારનું ઇશ્વર ભજનથીજ ભલુ થશે, બીજાથી નહી. નારાયણ જે કરશે તે ભલુંજ કરશે, બુરૂ કદી પણ કરશે નહી, એવો નારાયણ તથા નારાયણના ભજન વિષે દ્રઢ વિશ્વાસ રાખીને ભજન સમરણ કરે. પરંતુ ભજન કરવાથી ભલું થશે કે નહી? નારાયણ ભલું રશે કે નહી? એવો સંદેહ રાખીને ભજન ના કરે કારણ સંદેહ જે છે તે ફળ સિદ્ધિને નાશ કરતા છે. શ્રીમુખે પણ કહ્યું છે કે. ॥ संशयात्म्य विनस्यति. ॥ જેમ ક્ષુધાતુર અમૃત ભોજન અતિ પ્રિતીથી કરે, તેમ સંસારથી ઉદ્વેગ પામીને નારાયણનું ભજન અતિ પ્રિતથી કરે. વેઠીઆવાડ માફક અરૂચીથી ના કરે, કારણ અરૂચીથી કરે તો ફળની

सिद्धि (सिद्ध थती नथी. मुमुक्षु थइने भजन करे. पण पुत्र धनादिक तुच्छ पदार्थनी भावना धरिने ना करे. दोर उपर चढेली नटडीनी माफक मनने स्थिर करीने वच्चमां कदी पण अंतरायनथी पडे एवुं मानी भजन करे. ए रीते (निरंतर विश्वास सहित नारायणनुं भजन करे तो नारायण शिघ्र प्रसन्न थाय २.

दोहा—राम भरोंसो राम बल, अवलंबन पण राम;

राम भजनमां लीनमन. ते जन जाणे राम. ३

राम जे छे ते त्रणे काळने विषे सत्य छे, कदी असत्य छेज नही; एवी रीते जेना मनमां निश्चय छे. अने मन आदी प्रपंच्य छे ते सदा अन्यथा परिणामने पामे छे. माटे तेनो भरोंसो करे नही. अने नारायणनी माया तरवाने माटे नारायणनी कृपा आदिकनेज बळ माने छे. पोताना कृत्यने बळ मानतो नथी अने रामनुंज जेने अवलंबन छे, बीजा वषयादिकनुं अवलंबन नथी एम माने छे. अने श्री रामजीना भजननी लगनमां जेनुं मन लीन थइ गयेलुं छे. स्त्री पुत्रादिमां जेनुं मन बीलकुल छेज नही. एवा पुरूषने नारायणनो प्रिय जाणवो. ३

दोहा—राम राम मुखथी कहे, रहे राममां रक्त;

राम कथामां मन सदा, तेह रामनो भक्त. ४

जे पुरूषने मुखेथी राम कहेवानी टेव पडी छे. अने जेना मनने विषे रामनामनुंज रटण थइ रह्युं छे, अने जे सदा राम कथामांज आतुर रहे छे. लैाकिक वारतामां आशक्त रहेतो नथी, तेनेज रामनो भक्त जाणवो. ४

दोहा—रामनाम मुखथी रटे. फरतां अवनी महीं;

रूप हृदयमां रामनुं तेने हरकत नहि. ५

વાણી હરિ ગુણમાં રમે મન રમતું હરિ માંહી;
હરિ લીલામાં તન રમે, તેને હરકત નહી. ૬

જગતમાં જે પુરૂષની વાણી હરિ ગુણ રૂપ સિંધુમાં મચ્છની પેઠે ક્રિડા કરે છે. અને જેનું મન પણ હરિરૂપ સુખ સમુદ્રમાં વિહાર કરે છે અને જેનું શરિર પણ શ્રી-રામજીની લીલામાં વરતે છે, એવો જે પુરૂષ છે તેને આ લોક અને પરલોકમાં કોઇ પ્રકારની હરકત થતી નથી ૬

દોહા–વિઘ્ન ચોર પેસે નહિ. જે ઘટ ચોકી રામ;
જેમ સુર્ય મંડલ વિષે, નહિ તિમિરનું ઠામ. ૭

જે પુરૂષના ઘટને વિષે શ્રીરામજી સદા ધનુષ્ય બાણ ધારણ કરીને બિરાજે છે અને મુખરૂપી દરવાજા ઉપર રા-મનામના કિરતનની ચોકી છે તેના અંતઃકરણમાં કામાદિ ચોર રહેલા હોય છે, પણ તેમનું કાંઇ ચાલી શકતું નથી. અને વિઘ્ન વિષયાદિ બહારના ચોર પણ અંદર પ્રવેશી શ-કતા નથી. જેમ રવી મંડળમાં અંધકાર પેસવા પામે નહી તેમ જહાં શ્રી રામજીની ચોકી છે તહાં વિઘ્ન અને ભયની શંકા હોયજ નહિ. ભારત વિભાગમાં કહ્યું છે કે,

॥ શ્લોક ॥

नकलिर्न चं कालाल्यौ न च सकृस्ततं भयं ॥
न च मृत्यू भयंतस्ये विष्णोनीमानुं किर्त्तने ॥

અર્થ–વિશ્નુના નામનું કિર્તન સદા કરવાવાળા પુરૂ-ષને કળીયુગ બાધ કરી શકતો નથી, કાળ પણ બાધ કરા શકતો નથી; ઇંદ્રથી પણ તેને ભય આપી શકાતો નથી મૃત્યુ અને યમરાય પણ તેને ત્રાસ આપી શકતા નથી.

દોહા–રામ સ્મરણ વિણ પલક જો રામ રસિકની જાય,
થાય ખેદ મનમાં ઘણો જેમ કૃપણ ધન જાય. ૮

જેમ કૃપણ માણસનું ધન જાય તો તેને જેવું દુઃખ થાય છે તેવું દુઃખ રામરસિક જનને ભજન વિનાનો કાળ જાય છે તેથી થાય છે. કેમકે ક્ષણ માત્ર પણ નારાયણની વિસ્મૃતી છે તે ઘણીજ હાનીરૂપ છે. શાસ્ત્રમાં કહ્યું છે કે.

श्लोक.

साहानिस्तन् महत्छिद्रं समोहः स च विभ्रमः ॥
यन्मुहुर्तक्षणं वापि वासुदेव नचिंतयेत् ॥

અર્થ—એક ઘડી અથવા એક ક્ષણ પણ જો નારાયણની વિસ્મૃતિ થાય તેજ હાની ! તેજ મોટો દોષ ! તેજ મોહ ! અને તેજ મોટો ભર્મ છે. કેમકે હાની આદી સર્વ નારાયણના વિસ્મર્ણથીજ થાય છે. માટે રામ રસિક જનને ક્ષણ માત્ર વિસ્મૃતીથી અતિ પરિતાપ થાય છે તે ઊચિત છે હવે ભગવાનની ભક્ત વચ્છલતા નિરૂપણ કરે છે.

દોહા—રામ આશરે રામગતી, રામ વગર દુઃખ થાય;
તે નર પુંઠે હરિ ફરે જ્યમ બાળક પુંઠે માય. ૯

જેમ પાંખો વગરના પક્ષીના બચ્ચાને ફક્ત તેની માતાનુંજ અવલબન છે. બીજા કોઇનો તેને રક્ષાનો આશરો નથી અને માતાના ક્ષણ વિયોગથી બેહાલ થઇ જાય છે. તેમ રામ ભક્ત પણ ફક્ત રામજીનેજ શરણે છે. રામજીના એક ક્ષણ પણ વિયોગથી તે હેરાન થઇ જાય છે. એટલે જેમ નાના બાળકની પાછળ તેની માતા તેની રક્ષા કરવા માટે ફરે છે તેમ શ્રી રામજી ભક્તની પાછળ તેની રક્ષા કરવા માટે ફરે છે.

દોહા—સંગ ફરી રક્ષા કરે, પડતાં પકડે હાથ;
મુજ સેવક દુઃખ પામશે, એવું જાણે નાથ. ૧૦

માતાની માફક નારાયણજ સર્વ વિઘ્નથી ભક્તની ર-

ક્ષા કરે છે. અનર્થમાં પડતાં હાથ પકડી લે છે. મારો ભકત દુઃખ પામશે એમ જાણીને ભગવાન ભકતની સાથ ફરે છે.

દોહા—હરિ સનમુખ બે ડગ ભરે, હરિ આવે ડગ પચ્ચાસ;
જેમ જનેતા બાળની દોડી આવે પાસ. ૧૧

જેમ માતા મેડા ઉપર કામ કરે છે અને બાળક નિચે રમે છે. જયાં સુધી બાળક પોતાની રમતમાં લાગેલું છે, ત્યાં સુધી માતા પણ પોતાનું કાર્ય કર્યા જાય છે. પણ જ્યારે બાળકને ભુખ લાગે છે ત્યારે રોવા માંડે છે. તે વખતે માતા પોતાનુ કામ કરતાં કરતાં બાળકને છાનું રાખવાની યુકતી કરે છે; પણ જ્યારે બાળક એક બે પગથીયાં નિરસણી ઉપર ચઢે છે. એટલે માતાને બીક લાગી કે મારો બાળક નિચે પડી જશે, તો હાથ પગ ભાગી જશે. એટલે માતા ઉપરથી બધાં પગથીયાં ઉતરીને બાળકને ઉઠાવી લે છે. તેમ માતાની પેઠે નારાયણ છે તે પણ સર્વના ઉપર પોતાના સ્વસ્વરૂપમાં વરતે છે. જીવ જે છે તે નારાયણનો અંશ છે અને બાળકની પેઠે અજ્ઞ છે અને તે સંસારમાં સ્રી પુત્રાદિક વિષય ખ્યાલમાં જ્યાં સુધી આશકત થઈ રહ્યો છે ત્યાં સુધી નારાયણ તેની ઉપેક્ષા કરી રહ્યા છે. જ્યારે જીવને બાળકની પેઠે વિષયથી વૈરાગ્ય થયો અને નારાયણની ઇચ્છા થાય છે ત્યારે વિરહે કરીને રોવા લાગ્યો. એટલે માતાની માફક નારાયણ પણ ગુરૂ શાસ્ત્ર દ્વારા જીવને સમજાવવા લાગ્યા. પણ જ્યારે જીવ બાળકની માફક ભગવાન પ્રાપ્તિ સાધનરૂપ નિસરણીની નજીક આવ્યો એટલે માતાની પેઠે નારાયણ પણ જીવ ઉપર કૃપા દ્રષ્ટિથી દેખવા લાગ્યા. જ્યારે જીવ બાળકની પેઠે એક બે સાધન રૂપ સીડી ઉપર ચઢયો, એટલે માતાની માફક દો-

ડીને નારાયણ જીવને પકડીને પોતાની પાસે લેઇ લે છે.

દોહા—બાળક નિજ હિત માંનીને અનરથ વસ્તુ સાહ્ય;
માતા ઝટ ઝડપી લઇ બાળકનું હિત ચાહ્ય. ૧૨

જેમ બાળક સુખરૂપ સમજીને નઠારી વસ્તુની ઇચ્છા કરે છે પણ માતા પોતે બાળકના હિતને જાણીને તેવી વસ્તુ આપતી નથી. તેમ મુરખ ભકત સ્ત્રી ધનાદિક વિષય રૂપ અનર્થને ઇચ્છે છે પણ ભગવાન તેવા ભકતના હિતની ખાતર ભકતની રક્ષા કરવાવાળા ભગવાન પોતાના ભકતને સ્ત્રી ધનાદિકના સંબંધથી દૂર રાખે છે. કેમકે સ્ત્રી પુત્રાદિકના સંગથી ભગવદ્ ભજનથી ભ્રષ્ટ થાય છે. માટે એવો નવો સંબંધ થવા દેતા નથી. અને પ્રથમનો સંગ હોય તો તેને છોડાવી દે છે.

દોહા—વિષય છોડવો નવ ગમે તો હરિ છોડાવી દે,
બાળક માટી ખાય તો જ્યમ માતા લઇ લે. ૧૩

ત્યારે કોઇ એમ કહેશે કે નારાયણ તો ઘણો નિર્દય છે. કેમકે પોતાના ભકતના સ્ત્રી પુત્રધનાદિકને છોડાવી લે છે. અને નવિન તો આપતો નથી તો કહે છે.

દોહા—વિષયતણી ઇચ્છા કરે તે જો દે જગરાય;
ભલું ન થાયે ભકતનું અનરથ અદકો થાય. ૧૪

ભકત જનનું મન છે તે અનાદી કાળથી વિષય વાસનાથી ભરપુર છે. માટે વગર વિચારે સ્વભાવથીજ જે જે અપુર્વ વિષયની અભિલાશા કરે તે તે વિષય નારાયણ જો આપે તો કોઈ પણ દિવસ ભક્તનું ભલું થાયજ નહી. કારણ ભકતનું મન હોય છે તે ભોળું હોય છે. માટે સ્વભાવથીજ અનર્થની ઇચ્છા કરે છે પરંતુ નારાયણ કાંઈ ભો-

ળા નથી. એ તો સર્વજ્ઞ છે માટે ભક્તને કુસંગમાં નાખીને ભક્તનું બુરૂ કેવી રીતે કરી શકે.

દોહા—અધિક ચાહ્ય તે નવ મલે, તે હરિ કરૂણા જાણ;
જો મન ઈચ્છે તે મલે તો, થાય ભક્તની હાંણ.૧૫

દોહા—હરિજનની રક્ષા કરે વિઘ્ન પહેલી હરિરાય;
જ્યમ પાંપણ ચક્ષુતણી રક્ષા કરે સદાય. ૧૬

જેમ કોઇ આંખના સામી અકસ્માત આંગલી ધરે તો આંખોની રક્ષાને માટે પાંપણ આંગળી વાગતા પહેલાં મીંચાઇને આંખની રક્ષા કરે છે. તેમ નારાયણ પણ ભક્તને વિઘ્ન આવવાનો પ્રસંગ આવે છે. ત્યારે આપ વચમાં આવીને ભક્તના વિઘ્નને આપ પ્રલે કરીને ભક્તની રક્ષા કરે છે. જેમ ભીષ્મના બાણને પોતાના ઉપર લેઇ લઇને શ્રીકૃષ્ણે અર્જુનની રક્ષા કરી. એને જેમ મેઘનાદની શકતીને લક્ષ્મણજીએ પોતાના અંગ ઉપર લેઇને વિભીષણની રક્ષા કરી. તેમ ભકતની રક્ષા કરી. તેમ ભકતની રક્ષા નારાયણ કરે છે. એ પ્રમાણે પોતે કષ્ટ વેઠીને નારાયણ ભકતની રક્ષા કરે છે.

દોહા—સંકટ શેવ નેપડે, આડો આવે નાથ;
જેમ સ્વભાવે દેહની વચમાં આવે હાથ. ૧૭

જેમ શરિરને ખડગાદિએ કરીને અચાનક સંકટ વખતે ફકત હાથજ આડે આવે છે, ચર્ણાદિક બીજાં અંગ આડે આવતાં નથી. ફકત હાથનોજ એવો સ્વભાવ છે કે, આપત્તિ વખતે શિઘ્ર પોતે આડે આવીને દેહને પાછળ હઠાવી દેહનું રક્ષણ કરે છે. તેમ ભકતને જે વખતે આ લોક અને પરલોકમાં સંકટ આવે છે. તે વખતે શ્રી પુત્રા-

દ્વિક કોઇ પણ આડે આવી શકતું નથી. ફક્ત નારાયણજ કાંઈ પણ કાર્ય પ્રયોજન શિવાય ભક્ત પક્ષપાત રૂપ સ્વભાવથીજ ભક્તના સંકટમાં આડે આવી રક્ષા કરે છે. જેમ દ્રુપતિ અને ગજરાજની રક્ષા કરી તેમ બીજા ભક્તોની પણ જાણી લેવી.

દોહા—રક્ષણ કરવું ભક્તનું, સહસા રામ સ્વભાવ;
જ્યમ જમણો કર મુખ ભણી વગર વિચારે જાય. ૧૮

જેમ મુખ આગળ થાળ આવે કે તુરત જમણો હાથ જ મોઢા તરફ વળે છે. તેમ ભક્તને સંકટ આવે કે તુરત કારણ પ્રયોજન વગર પણ ભક્ત વચ્છળ સ્વભાવથીજ ભગવાન ભક્તની રક્ષાને માટે દોડે છે. (શંકા) ભક્તને રોગાદિ દુઃખ થતાં જણાય છે ત્યારે રામજી રક્ષા કયાં કરે છે. (ઉત્તર) જેમ કુંભાર ઘડાની અંદર ડાબણીયું રાખીને રક્ષા કરે છે, અને ઉપરથી ટપલાવડે માર મારે છે. તે પ્રમાણે ઇશ્વર પણ અંદર ખાનેથી રક્ષા કરે છે, અને ઉપરથી દુઃખ દે છે.

દોહા–કર્માનુગત દુઃખ પડે પણ રાખે હરિ પરઆશ,
જ્યમ માતા મારે બાળને પણ રડતો આવે પાસ. ૧૯

જેમ બાળકની ખરાબ વર્તણુકનું ખરાબ પરિણામ વિચારીને દયાળુ માતા બાળકને મારે છે, તે વખતે બાળક માતાનો દોષ વિચારીને રિસાઇને માતાથી દૂર જતો નથી; પણ ફરી રડતો રડતો માતાનીજ પાસે આવે છે. કારણ માતા સિવાય બાળકનું આશ્રયદાતા કોઈ છે જ નહી. એ રીતે પરમદયાળુ નારાયણ પણ ભક્તના કર્મનું પરિણામ જન્માન્તરની પ્રાપ્તિ વિચારીને દુષ્ટ કર્મની નિવૃ-

ત્તીને માટે રોગાદ્દિક દુઃખ આપે છે. તોપણ ભક્તતો એવો જ વિચાર કરે કે, નારાયણની પ્રવૃત્તી છે તે ભક્તના ભલાને માટેજ છે. એટલે ભક્તનું બુરૂ તે કરશેજ નહી. માટે નારાયણ જે કાંઇ કરે છે તે મારા ભલાને માટેજ કરે છે. એવો નારાયણ ઉપર વિશ્વાસ રાખીને દુઃખમાં નારાયણને દ્રઢતાથી વળગી રહે છે. પરંતુ નારાયણને વિષે દોષ આરોપણ કરતો નથી. અને નારાયણનો ત્યાગ કરતો નથી.

દોહા—જન અવગુણ હરિ નવ ગણે. કરે કૃપા હરિરાય;
વચ્છ કરે શિરઘાત પણ દુધ ધવાડે ગાય. ૨૦

જેમ વાછડુ ગાયને ધાવતી વખતે માથુ મારે છે, પણ તે વખતે ગાય ક્રોધ કરીને લાત નહી મારતાં પ્રસન્ન થઇને પાનો છોડે છે; તે પ્રમાણે ભક્ત પ્રમાદ કરીને પ્રકૃતી સ્વભાવથી ક્ષણ ક્ષણ પ્રતિ નારાયણનો અપરાધ કરીને વિષયને ગ્રહણ કરે છે; તથાપી પરમદયાળુ નારાયણ ભક્તના અપરાધને મનમાં લાવતા નથી. તે તો જ્યારે ભક્ત યાદ કરે ત્યારે અનુગ્રહ કરીને તુરત વગર બોલાવે પણ અંતઃકરણમાં આવી બેસે છે. માટે નારાયણ પરમ દયાળુછે.

દોહા—નિજ અપરાધ હરિ સહે, ન સહે ભકત અપરાધ;
સ્થંભ ફાડી પ્રગટચા પ્રભુ, ઉગારવા પ્રહલ્હાદ. ૨૧

નારાયણનો સ્વાભાવ એવો છે કે, ભકતોએ અને બીજાઓએ તેમનો અપરાધ કર્યો હોયતો તે પોતે સહન કરે છે. પણ ભકતનો કોઈ અપરાધ કરેતો, તે સહન કરતા નથી. જેમ હીરણ્ય કશ્યપુએ નારાયણ કૃત ધર્મ મર્યાદાનો ઉચ્છેદ કરી નારાયણના ઉપર દ્વેષ નિંદા આદી અનેક અપરાધ કર્યા તે સર્વ નારાયણે સહન કર્યા. પણ ભકત પ્રલ્હાદને

મારવા ખડગ કાઢયું તે ભગવાનથી સહન થઈ શકયું નહી. સ્થંભમાંથી નૃસિંહ રૂપે પ્રગટ થઇને દૈત્યને માર્યો, વળી રામચંદ્રજીએ રાવણના સિતા હરણાદિ અપરાધ સહન કર્યા. પણ વિભિષણને લાત મારી તે પ્રભુથી સહન થઇ શકી નહી. તે રીતે બીજા ભકતનો પણ કોઇ અપરાધ કરે તો નારાયણ સહન કરે નહી. ઉપર મુજબ ભક્ત વચ્છલતા બતાવીને ભકતને શિક્ષા કરે છે.

દોહા—એવા હરિને નવ ભજે, રે મન મુઢ ગમાર;
વ્યર્થ અનર્થ કરી મરે. શિર લઇ જગનો ભાર. ૨૨

હે મુઢ બુદ્ધિના નિચ માણુસ એવા પરમદયાળુ ભકત વચ્છળ ભગવાનને કેમ ભજતો નથી ? સ્મરણાદિ કરીને કેમ શેવતો નથી ? અને તન, ધન, પુત્રાદિકનું અભિમાન કરિને આ લોક પરલોકના પ્રયોજન વગરના દુઃખરૂપ સંસાર વ્યવહારમાં કેમ પચ્યો રહ્યો છે ? શું તું પોતાનું બુરૂંજ ઇચ્છે છે ? ઉપર મુજબના પ્રશ્નના ઉત્તરમાં કોઈ કહેશે કે, મોટા મોટા પ્રથમથી કરતા આવ્યા છે, અને હાલ પણ ભલા ભલા આદમી સંસાર વ્યવહાર કરતા દેખીએ છીએ. માટે હમે પણ કરીયે છીએ તેના ઉત્તરમાં કહે છે કે,

દોહા—ભાર વહે સૌ જગતનો, જપે નહી શ્રીરામ,
ભલો મનુષ્ય તેતો નહી, ભલા ગદ્ધાને ઠામ. ૨૩

જે રાજા ચક્રવર્તી રાજા થઇને બધા જગતનો ભાર વહન કરતો હોય; પણ તે જો સ્વપ્નામાં પણ નારાયણનું સ્મરણ ના કરતો હોયતો તે ભલો આદમી નથી, પણ તે ભલો ગધેડો છે. કારણ તે ઘણો ભાર ઉઠાવે છે. જેમ ઘણા

મૂલનો મોટો ગધેડો હોય તે ઘણો ભાર ઉઠાવે છે. તે પ્રમાણે તે પણ સર્વ જગતનો ભાર ઉઠાવે છે માટે તે ગદ્ધા–બળદ જેવો પશુ છે. માટે પશુની બરાબરી મુમુક્ષુ રૂપ મનુષ્ય કરે નહી. કારણ પશુનો ધર્મ ભિન્ન છે. અને મનુષ્યનો ધર્મ ભીન્ન છે. જેમ બેલ ગધાને ઓખર કરતાં દેખીને માણસ ઓખર કરતો નથી કેમકે ઓખર કરવું તે પશુનો ધર્મ છે. મનુષ્યનો ધર્મ નથી. તેમજ પશુઓને સંસારમાં પચતા દેખીને મુમુક્ષુ છે તે સંસારમાં પચી મરે નહી. જેમ કોઇ અંધ હોય તે કુવામાં પડી જાય છે. પણ તેની પાછળ ચાલનારો દેખતો મનુષ્ય કુવામાં પડતો નથી માટે મુમુક્ષુ પશુ અને આંધળાની માફક કરતા નથી. હવે ઈશ્વરના કરેલા ઉપકારને અને જીવના અપરાધને બતાવીને જીવને શિક્ષા કરે છે.

દોહા—ગર્ભ વિષે જઠરા થકી, હરિએ કીધી રક્ષ,
કોલ કર્યો ત્યાં ભજનનો, રહે રહે દુર્લક્ષ. ૨૪

ગર્ભ સંકટમાં જ્યાં માતપિતા રક્ષા કરવાને અશકત ત્યાં નારાયણે કૃમી કીટથી રક્ષા કરી અને જઠરાનળમાં અન્નની સાથે ભસ્મ થવા ન દીધો પણ ઉલટું દેહને પોષણ આપ્યું. પછી ત્યાં ગર્ભ સંકટથી પીડાયલા જીવે નારાયણને પ્રાર્થના કરી કે મહારાજ અહીંથી મને કહાડો હું બહાર આવી તમારૂંજ ભજન કરીશ. અને કાંઇ પણ અનર્થ નહીં કરૂ. હવે બહાર આવીને નારાયણના ભજનથી વિમુખ થઇને નારાયણના ઉપકારને ભુલી નારાયણનો અનાદર કરીને નિઃશંક અનર્થ કરે છે તે જીવને ઉચીત નથી માટે સદા સર્વદા નારાયણનું ભજન કરવું એજ જીવને ઉચીત છે.

દોહા—શેવા કારણ આપીયાં, દેહ ઈંદ્રી મન પ્રાણ;
તેહ ગુમાવ્યાં વિષયમાં, રે જન મુઢ અજાણ. ૨૫

નારાયણે પોતાની શેવાને અર્થે શેવાને લાયક એવો ઉત્તમ મનુષ્ય દેહ આપ્યો. અને ચક્ષુ શ્રવણાદિ ઇંદ્રિયો અને મન પ્રાણાદી જે આપ્યાં છે તે કાંઈ વિષય શેવવા માટે આપ્યાં નથી. કારણ વિષય શેવા તો ગદ્ધા કુત્તાદિકના દેહથી પણ થાય છે. માટે મનુષ્ય દેહ આપવાનું ભગવત શેવા કરવી એજ મુખ્ય પ્રયોજન છે. વિષયની શેવાનું પ્રયોજન નથી માટે હે જડ જીવ તું આવો દુર્લભ દેહ પામીને ફકત વિષયનીજ શેવા કરે છે નારાયની શેવા કરતો નથી તે તને ઘટિત નથી ત્હારે તો ફકત નારાયણની શેવા કરવી તેજ ઉચીત છે. ॥ હવે બે દોહા વડે ઈંદ્રિયાદિકની દુર્લભતા બતાવે છે.

દોહા—રત્ન દિધાથી નામ લે, ઈંદ્રીય અમુલખ જેહ,
તેથી હરિ શેવ્યા નહી, ખોઇ વિષયમાં તેહ. ૨૬

પારસમણી અને ચિંતામણી આદિક જગતમાં જેટલાં ઉત્તમ રત્ન છે. તે સઘળાં આપવાથી પણ ચક્ષુશ્રવણાદિક એક એક ઇંદ્રિય પણ મલી શકે નહી એવી અમુલ્ય (દશ ઇંદ્રિય અને ચાર અંતઃકરણ) ચૌદે ઈંદ્રિયો નારાયણે પોતાની શેવાને માટે તને આપી. પણ તે ઇંદ્રિયોથી નારાયણની શેવા નહી કરતાં વ્યર્થ વિષય સાધનમાં ગુમાવી દીધી. તે તને ઊચિત નથી, માટે નારાયણનું ભજનજ ઊચિત છે. ॥ હવે ઇંદ્રિયોને પરમ શેવકરૂપ કરીને નિરૂપણ કરે છે.

દોહા—તુજ મન ઇચ્છા સમજતા, સ્વલ્પમુલા વશ જાણ;

એવા શેવક આપીયા, ભજે ન કેમ અજાણ. ૨૭

ઇંદ્રિયરૂપી વગર મુલના ચાકર છે તે સદા સમિપ અને સદા સ્વાધિન રહે છે. કેમકે અડધી રાતે અગ્નીમાં ચલાવેતો પણ ચરણ છે તે કુદી પાછા પડતા નથી. કોઇ કહેશે કે તે ઘણા મુલના નોકર હશે તો કહે છે કે, શેર અનાજના ચૌદે ચાકર છે. અને તે શેર અનાજ સરવે વહેંચી લે છે. કદી પણ લડી મરતા નથી. એવી રીતે થોડા મુલના છે તોપણ કામ એવું કરે છે કે જે કામ હજાર રૂપીઆના પગારનો નોકર હોય તે પણ કરી શકે નહી. વળી ધર્મ, અર્થ, કામ, મોક્ષ, પૈકી જે ઇચ્છા થાય તે અર્થને પમાડે છે. કહેવું પડતું નથી. માટે હે અજાણ જીવ પરમદયાળ નારાયણે તને એવા પરમ શેવક આપ્યા છતાં પણ તે શેવક વડે કરીને નારાયણનું શેવન કરતો નથી તે તને ઉચીત નથી તારે તો નારાયણનું શેવન કરવું તેજ ઊચિતછે.

દોહા–પ્રાણ ઇંદ્રિ પ્રેરક પ્રભુ, શ્વાસોશ્વાસ તમામ,
સહાયક સઘળે શ્રીહરિ, ભજે ન લુણ હરામ. ૨૮

નારાયણે આ દેહ રૂપી ફુટેલા પાંજરામાં ચંચળ પવનરૂપી પ્રાણ પક્ષીને રોકી રાખ્યો છે તેથી તે સ્થીર થઇ રહ્યો છે. નહીતો ક્યારનો પણ કોઈ ઇંદ્રિદ્વારા બહાર નિકળી ગયો હોત. વળી નિત્ય શ્વાસા રૂપે બહાર નિકળે છે તો પણ સીકારી બાજ પક્ષીની માફક ઉલટીને ફેર ઠેકાણા ઉપર આવીને બેસે છે. નહીતો નારાયણ વગર પવનને પાછો ફેરવવા વાળો બીજો કોઈ નથી. માટે નારાયણજ પવનને પકડી રહ્યા છે. એ રીતે સર્વ ઇંદ્રિય સમુદાયને પોતપોતાના વ્યવહારમાં નારાયણજ પ્રેરે છે. અને મન બુદ્ધિ

આદિક સર્વનો વ્યવહાર પણ નારાયણથીજ થાય છે. છતાં પણ જીવ અંધ થઇને નારાયણના કૃતવ્યને દેખતો નથી. અને ગાડા નિચેના કુતરાની માફક સર્વ વ્યવહારમાં વૃથા અભિમાન કરીને નારાયણને ભજતો નથી.

દોહા—નિંદ્રારૂપી રાક્ષસી ગળે સુષુપ્તી માંહી,
ત્યાં પણ પ્રભુ રક્ષા કરે છતાં ભજે તું નહી. ૨૯

નિત્ય સુસુપ્તીને વિષે નિદ્રારૂપી રાક્ષસી બુદ્ધિનો લય કરીને બુદ્ધિ વિશિષ્ટ જીવને ગળી જાય છે. અને નહી નિવારી શકાય એવી પેટીમાં નાખે છે. તે નહી નીવારી શકાય એવી પેટીમાંથી સુબુદ્ધિના ઉદયદ્વારા જીવને બહાર કાઢવા નારાયણ શિવાય બીજો કોઇ સમર્થ નથી. નારાયણ પોતેજ અદર્શપણે બુદ્ધિનો ઉદય કરીને બુદ્ધીદ્વારા સ્વપ્ન જાગ્રત અવસ્થા જીવને પ્રાપ્ત કરી આપે છે. માટે હે મંદ બુદ્ધિ એવા પરમ દયાળુ નારાયણને તું ભજતો નથી. અને નારાયણથી પણ વિમુખ થઇને અનર્થરૂપ વિષયને ભજે છે, તે તને ઊચિત નથી. ફક્ત નારાયણનું ભજનજ તને ઊચિત છે.

દોહા—જેણે સર્વસ આપીયું કર્યો જગતમાં ખ્યાત,
તેને તું ગણતો નથી તુજને વધ્યો પ્રમાદ. ૩૦

જે નારાયણે બુદ્ધિ, બળ, રૂડી ઇંદ્રિયો, ઉત્તમ દેહ, અને ધનાદિક સર્વ આપીને જગતમાં તને વિખ્યાત બનાવ્યો, છતાં તું તે નારાયણના ઉપકારને ભુલી જઇને દેહ ધનાદિકના મદથી મસ્ત થઈ રહ્યોછુ તે તને ઊચાત નથી. માટે નારાયણને શરણ થા.

દોહા—હરિકૃપાથી સહુ મળ્યુ કર્યો હરિ તેં ત્યાગ;

ચિંતામણીથી સહુ મળ્યું, તે થકી ઉરાડયો કાગ. ૩૧

જેમ જંગલમાં કાંકરા વિણતાં કોઈ ગમારને ચિંતામણી હાથ લાગ્યો. અને તે મણીના પ્રભાવથી ખાવાપીવાનું જે કાંઇ ચિંતવન કર્યું તે સર્વ તેને મળ્યું. પછી ખાવાને બેઠો તે વખતે કાગડો આવીને પાસે બેઠો તેને ઉરાડવાને તે ચિંતામણીને કાગડાની પાછળ ફેંકી દીધો. તે પ્રમાણે નારાયણની કૃપાથી સ્ત્રી ધનાદિક સર્વ પામ્યો. તે સ્ત્રી ધનાદિકને વિષે આશક્ત થઇને મુરખેનારાયણનોજ ત્યાગ કર્યો. માટે હે જીવ તું નારાયણનો અપરાધી છે.

દોહા—હૃદય બંધુ પ્રિય આતમા, સહુના શ્રી રઘુનાથ;
ભજન યોગ્ય પ્રભુ નવ ભજે તે ત્હારો અપરાધ. ૩૨

શ્રીરામજી પોતે પુરણ કામ છે, માટે તે જીવના અપરાધને ગણતા નથી. અને જીવો ઉપર ઉપકાર કરે છે. માટે રામજી સર્વના હૃદય છે. વળી માતા પિતાની માફક સદા સર્વદા જીવોનું હિત કરે છે, માટે બંધુ છે, વળી સર્વ પ્રાણી માત્રના આશ્રયદાતા આત્મા છે. અને આત્મા છે તેથી ઘણા પ્રિય છે. જગતમાં એક એક ગુણ યુક્ત હોય તે પણ શેવવા યોગ્ય છે, અને તેઓનો જે અપરાધ કરે તે પાપી ગણાય છે. પણ નારાયણ તો સુહૃદયાદિ સર્વ ધર્મ યુક્ત છે, માટે સદા સર્વદા ભજવા યોગ્ય છે. અને જીવ રામજીનો અનાદર કરીને તેમને ભજતો નથી તે જીવની મોટી ભુલ છે. માટે રામજીના શરણે થવું એજ ઊચિત છે. હવે તાડન કરિને શિક્ષા કરે છે.

દોહા—અપરાધી તું રામનો અવગુણથી ભરપુર,
હરિ સનમુખ થાતો નથી ભુંડું ચહે જરૂર. ૩૩

હે અકલ વગરના જીવ તું નખશિખ અવગુણથી ભરપુર છે; અને તેં રામજીના ઘણા અપરાધ કર્યા છે; તથાપી જરા પણ રામજીના સનમુખ આવતો નથી તો શું તું ત્હારૂં બૂરૂં ચાહ્ય છે !

રામજીની પરમ દયાળુતા બતાવે છે.

દોહા—તું અપરાધી છે ઘણો, પણ શ્રી હરિ દયાળ;
તુજ જેવા અપરાધીની, પળપળ લે સંભાળ. ૩૪

જ્યાંથી તું નારાયણથી જુદો થયો ત્યારથી આજ સુધી તેં નારાયણના ઉપકારને વિસારીને ક્ષણ ક્ષણ પ્રતિ અપરાધજ કરતો આવ્યો છું. તથાપી એ રામજી પરમદયાળુ છે. કેમકે તારા એવા અપરાધને એ ચિત્ત ધરતા નથી. અને અન્ન જલાદિવડે કરીને તારા જેવા અપરાધીની રક્ષા કરે છે. જો રામજી જીવના અપરાધ વિચારે તો જીવનું નરકમાં પણ ઠેકાણું પડે નહીં.

દોહા—એવા પરમદયાળુને, કોણ ન શેવે આંહી;
જડ પશુ વિણ સરવે ભજે, પ્રભુને આ જગમાંહી.

આ જગતમાં દયાળુ અને હિતકારી જે માતાપિતા તેમની સેવા જે છે તે કૃતજ્ઞ બુદ્ધિવાળા પુરૂષોનો કૃતવ્ય ધર્મ છે. અને કરેલા ઉપકારને ન જાણે એવા જે બુદ્ધિ રહિત પશુઆદીને માતાપિતાની શેવા જે છે તે અસાધારણ ધર્મ નહીં. કેમકે તેને કરેલા ઉપકારનું જ્ઞાન નથી. તેમજ પરમહિતકારી પરમદયાળુ નારાયણનું ભજન તે બુદ્ધિવાન મનુષ્ય અનેદેવાદિ સર્વ કરે છે. કેમકે તેમનો કારણભુત એ અસાધારણ ધર્મ છે, અને જે કરેલા ઉપકારને ન

જાણે એવા જે બુદ્ધિ રહિત વૃક્ષાદિક અને પશુપક્ષી આદિક જે છે તે નારાયણને ભજતાં નથી કેમકે તેમને ભગવદ્ ભક્તિ છે તે અસાધારણ ધર્મ નથી.

દોહા—ધર્મ તત્વ ભક્તી રહિત, તે જડ લક્ષણ જાણ,
તે લક્ષણ જ્યાં દેખીયે, ગણીયે પશુ સમાન.

નારાયણની ભક્તી વિષે અભાવ તે બુદ્ધિ રહિત જડ સ્થાવર પશુઆદીનું લક્ષણ છે. માટે જે ભક્તિ વગરનો મનુષ્ય હોય તેને પણ સ્થાવર પશુ આદિ સમાન માનવો. કેમકે પશુ આદિકમાં અને મનુષ્યમાં જ્ઞાન ભકતી આદી ક ધર્મનોજ ભેદ છે. અને અહાર નિદ્રાએ કરીને માણસ અને પશુ સમાનજ છે. પણ જો જ્ઞાન ભકતીના હોય તો પછી માણસમાં અને પશુમાં તફાવત શો રહ્યો ? અર્થાત કાંઇ પણ ના રહ્યો, કહ્યું છે કે,

શ્લોક.

अहारनिद्रा भय मैथुनं च ॥ समान एतत्पशुभिर्नराणा ॥
ज्ञानंनराणांमधिकं विशेषः ॥ ज्ञानेन हिनः पशु भिःसमानः॥

અર્થ—અહાર, નિદ્રા, ભય, અને મૈથુન એ ચાર ધર્મ મનુષ્યમાં અને પશુમાં સરખાજ છે. એક નારાયણનું જ્ઞાન છે તેજ મનુષ્યમાં વિશેષ છે. માટે જેનામાં નારાયણનું જ્ઞાન નથી તે માણસ પશુ બરાબર છે.

દોહા—કમળાસન કમળા ભજે, ગૌરીશંકર શેષ;
કોણ ભરોંસે રામ તું, ભજે ન પશુ નર વેષ.

જેનો નારાયણની નાભી કમળથી જન્મ થયો છે

એવા કમળાસન કહેતાં બ્રહ્મા અને લક્ષ્મી તથા ગૌરી, શંકર, શેષ વિગેરે, મોટા મોટા જગતના ઇશ્વર પણ નારાયણને ભજે છે અને તું નિચ નર ભગવાનને ભજતો નથી માટે તને તિરસ્કાર કરીને કહિએ છે કે હે નરના આકારના પશુ તેં માણસનું ખોળીયું ઓઢીને માણસનો વેષ ધારણ કર્યો છે. પરંતુ મનુષ્યનો ધર્મ જે નારાયણનું ભજન તેથી વિમુખ છું માટે પશુ બરાબર છે. હે જડ જીવ તું કોના ભરોંસા ઉપર નારાયણથી વિમુખ થઇને નારાયણને ભજતો નથી? જે દેહ ધન આદિનો તું ભરોંસો રાખે છે, તે સર્વ ધુળમાં મળી જશે. અને અંતે તો નારાયણથીજ કામ પડશે, માટે નારાયણનું ભજન કર.

દોહા—શુક સૌનક હરિને ભજે, નારદાદિ મુનિ વૃંદ,
તુજને ગર્વ વધ્યો ઘણો, ભજતો નથી મતિ મંદ.

સનકાદિક, શુક, નારદ, વીગેરે સમસ્ત મુનિનો જે સમુહ છે, તે સર્વ નારાયણને ભજે છે, પણ હે મતિમંદ તું નારાયણને ભજતો નથી. તે તને શી બાબતનો ગર્વ ચઢયો છે?

દોહા—કાળ ચક્ર જેના ભયે, દોડી ફરે અસમાન;
તેનાથી તું નવ ડરે, રે નર પશુ સમાન.

સુર્ય ચંદ્રાદિ નક્ષત્ર સહિત કાલચક્ર ને શીશુમાલ ચક્ર જે છે તે જે ઇશ્વરના ભયથી સદા આકાશમાં દોડતાં ફરે છે. અને સુર્યાદિ સદા ઉદય અસ્ત રૂપ પોતાના કાર્યને કરે છે. જો સુર્યાદિને ઇશ્વરનો ડર ના હોય તો પોતપોતાના નિયમમાં રહીને પોતાના કાર્યને શા માટે કરે? ઇશ્વર વગર

બીજા કોઇમાં તે કરાવવાનું સામર્થ્ય નથી. માટે ઈશ્વરથીજ ભયભીત થઇને, સુર્ય તપે છે, પવન ચાલે છે, ઈંદ્ર વરસાદ વરસાવે છે. વળી જે ઇશ્વરના ભયથી સર્વ વૃક્ષ લતા ઔષધિ છે તે, પોતપોતાની રૂતુને વિષે ફળ ફુલને પ્રકટ કરે છે. વળી જે ઈશ્વરના ભયથી નદીઓ વહે છે. સમુદ્ર પોતાની મર્યાદા છોડતો નથી, પૃથ્વી જળમાં ડુબી જતી નથી. ભાગવત તૃતિય સ્કંધમાં કપિલ દેવ મુનિએ કહ્યું છે કે,—

શ્લોક

यद्भयाद्वाति वातोयं सुर्यस्तपति यद्भया ॥

માટે ઇશ્વરના ડરથીજ એવા મોટા મોટા બીહે છે. અને હે જડ જીવ તું ઇશ્વરથી ડરતો નથી માટે તું પશુ તુલ્ય છે.

દોહા—જે પ્રભુ કેરા ડરથકી, મૃત્યુ પણ ડરી જાય;
કેમ નિડર તું થઇ રહ્યો, શું પેઠો ધાસ ગ્રહ માંહ્ય.

સર્વ જગતને ડરાવવાવાળુ઼ં જે મૃત્યુ તે પણ ઇશ્વરથી ડરીને સદા જગતમાં દોડતુંજ ફરે છે. પોતાની મારણ ક્રીયા છોડીને ક્ષણ માત્ર પણ વિશ્રાન્તી લેતું નથી. તેની પાછળ કાંઇ ઈશ્વરનો સિપાઇ ફરતો નથી પણ ઇશ્વરના ડરથી સદા દોડતુંજ ફરે છે. પણ હે જડ જીવ તું ડરતો નથી એવું ત્હારૂં શું બળ છે. તારૂં બીજું કાંઇ બળ જોવામાં આવતું નથી. ફકત ગ્રહરૂપી ધઢ અને પુત્ર બંધવાદિ યોદ્ધા અને ધનાદિક સામગ્રી એવા વિષયના બળથી તું ઇશ્વરથી નિડર થયો છે. પણ તેથી તારો બચાવ થશે નહી,

જેમ ઇંદ્રથી વૈર કરીને કાગળના કીલ્લાનો આશ્રય કરે તો તેનો બચાવ થાય નહિ. તેમજ કાળના કાળ જે નારાયણ તેથી વિમુખ થઇને કાળથી ગ્રસિત જે ગ્રહાદીક તેનો આશ્રય કરવાથી ભલું થાય નહી.

બીજું દ્રષ્ટાંત કહે છે.

દોહા—દાવાનળથી ઉગરવા, ઘાસ ગંજીમાં જાય;
પણ તે ઘાસ ગંજી સહિત, બળીને પ્રલે થાય.

જેમ વનમાં દાવાનળ લાગે તેનાથી નાશીને પોતાનો બચાવ કરવા ઘાસની ગંજીમાં પેસે. તો તે માણસ ઘાસ સહિત તુરતજ બળી જશે. તેમ ઈશ્વરના અનુચર કાળાદિકથી બચવાને ગ્રહાદિકનો આશ્રય કરે તો ગ્રહાદિકથી તે પુરૂષની રક્ષા થઇ શકશે નહી. પણ ગ્રહાદિક સહિત તેનો નાશજ થશે.

ત્યારે કોણ રક્ષા કરશે? ત્યાં કહે છે.

દોહા—ભવ વનમાં દવ લાગીયો, જીવ હસ્તી બળી જાય;
સંત સરોવરમાં પડે, તો તન શાન્તી થાય.

જગત રૂપી વનમાં આ દેહના જન્મ રૂપી દાવાનળ લાગ્યો. કેમકે નાના પ્રકારનાં દુઃખ રૂપી જવાળાનો જન્મ છે તેજ દાવાનળ છે. તે દાવાનળમાં પડેલો જીવરૂપી હાથી બળે છે તે જો સંતરૂપી સરોવરમાં જઇને પડે અર્થાત સત સંગ માત્ર કરે અને જ્યાં ત્યાં સતસંગમાંજ લાગ્યો રહે તો દુઃખ રૂપ જવાળા બાધ કરે નહી. જ્યારે સતસંગ છોડીને ઘરમાં જાય ત્યારે દુઃખ જવાળા વ્યાપે પણ જો સદા

સતસંગમાં પડયો રહે તો ભવ દવ બાધ કરી શકે નહી. દવ લાગે ને નાસીને સુકા સરોવરમાં પેસે તો ત્યાં જેમ તાપ શાન્ત થાય નહી. તેમ અહીંઆં પણ સુષ્ક સંત સમાગમથી દુઃખ નિવૃત્ત થાય નહી.

દોહા—જ્ઞાન જળે ભરપૂર ભર્યું, સંત સરોવર સાર;
સંગરૂપ સ્નાન કર્યો થકી, નડે ન ભવ દવ ઝાળ.

જેમ સુકા સરોવરમાં હાથીનો તાપ મટે નહી. સજલ સરોવરથી મટે. સજલમાં પણ અલ્પ જલ થકી નવ મટે ગંભીરથી મટે તેમ અહીંઆં પણ સુષ્ક સંતનો સંગ નહી કરવો, જ્ઞાનવાન સંતનો સંગ કરવો. જ્ઞાનવાનમાં પણ અલ્પ જ્ઞાન વાનનો સંગ નહી કરવો. કારણ તેનાથી સંશયાદિકની નિવૃત્તી થઈ શકે નહી. માટે ગંભીર જ્ઞાનવાનનો સંગ કરવો. તેમાં પ્રથમ તો હાથીની માફક ભવ દુઃખથી તપેલો જે પુરૂષ છે. તે સાધુના ગંભીર ઉપદેશ વચનમાં ચિત્ત એકાગ્ર કરીને ડુબકી મારે, પછી પ્રશ્નોત્તરાદિ રૂપ સુખ ક્રીડા કરે. એવા સંતો સાથે સદા ક્રીડા કરવાથી ભવદવ બાધ કરી શકતો નથી. માટે જીવને પ્રથમ મોટું શરણ તો સંતનુંજ છે. પછી સંતદ્વારા નારાયણ શરણ પ્રાપ્ત થાય છે.

દોહા—અભય શરણ હરિ ચરણ છે, નહિ કોનો ભય ત્યાંય;
તે કોથી ડરતો નથી, હરિ રક્ષક છે જ્યાંય.

જેમાં કોઇનો ભય નથી એવો નારાયણનો જે ચરણ છે તેજ અભય રૂપ શરણ છે. કારણ જ્યાં સુધી હરિપદની પ્રાપ્તિ થઈ નથી ત્યાં સુધી જીવને બધે ભય રૂપ છે.

પણ જ્યારે હરિપદની પ્રાપ્તિ થાય ત્યારે સઘળા ભય નિવૃત્ત થાય છે. એવું નિર્ભય જે હરિ ચરણ તેને જે પુરૂષ ધ્યાન સમાધીએ કરીને સદા શેવે છે, તે પુરૂષને કોઇનો ડર રહેતો નથી. કારણ તેની રક્ષા કરવાવાળો હરિ છે. અગ્નિ પુરાણમાં કહ્યું છે કે.–

श्लोक

नभयं यमदूतानां न भयं रौरवादिकात् ॥
न भयं प्रेत राजस्य गोविंदती प्रजल्पताः ॥

અર્થ–સદા ગોવિંદ ગોવિંદ કહેવાવાળા પુરૂષને યમના દુતનો ડર નથી. રૌરવાદિ નર્કનો ભય નથી. પ્રેતરાજ યમનો પણ ભય નથી. તે સદા નિર્ભય થઇને જગતમાં ફરે છે.

દોહા–જેના રક્ષક રામજી, તેને મારે કોણ;
સિંહ કરે રક્ષા પછી, શું શિયાળથી હાણ.

જેમ સર્વને ભય રૂપ જે સિંહ તેજ મીત્ર થઇને રક્ષા કરે તો પછી સર્વથી અધમ જે શિયાળ તેનાથી શું થવાનું છે, તેમજ કાળના કાળ જે નારાયણ તેજ જેની રક્ષા કરે તો પછી તેના સામું દેખવાવાળો બીજો કોઇ છેજ નહી. માટે સદા નારાયણનો આશ્રય કરવો

કોઈ વખત પ્રારબ્ધ અનુસાર દુઃખ પ્રાપ્ત થાય તો દુઃખમાં જે ગુણ દોષ છે તેનો વિચાર કરીને ભકત મનમાં ધૈર્ય ધરે છે. પરંતુ અજ્ઞાનીની માફક કલેશ કરતો નથી. તે ગુણ દોષનો વિચાર નવ દોહરા વડે કરીને કરે છે.

દોહા–ભક્તતણા જશ પ્રગટવા, પ્રેરે દુઃખ પ્રભુ આપ;
જ્ઞાનીને મન ગોઠતું, મુરખ મન સંતાપ.

ભક્ત જનના વિચાર, વૈરાગ્ય, ધૈર્ય, ભગવદ્ નિષ્ટાદિ જે ગુણ છે, તે રાજ્યાદિ સુખરૂપ પરદે કરીને ઢંકાઈ રહેલા છે, તે પરદાને દુર કરિને ગુણનો પ્રકાશ કરી, ભક્તની પાસે જે નારાયણ છે તે દુઃખરૂપ દુતને મોકલે છે. કેમકે દુઃખ આવવાથી સુખ મટે છે. સુખ મટવાથી ધૈર્ય, ભગવદ્ નિષ્ટાદિ ગુણ માલમ પડે છે. અને ત્યારે જગતમાં કીર્તિ માલમ પડે છે. એવું નારાયણનું અનુગ્રહ રૂપ દુઃખ દેખીને અજ્ઞાની ભક્તનું મન ઘણું વ્યાકુળ થાય છે અને વિવેકી ભક્તના મનમાં ઘણો હર્ષ થાય છે. જેમ મહા વનમાં દવ લાગવાથી સર્વે વ્યાકુલ થાય છે, તેટલામાં તે ઉપર મેઘની વૃષ્ટિ થઈ તો સર્વના મનમાં કેટલો આનંદ થાય! વળી ચોર લોકોએ ઘેરેલો કોઇ માણસ એક ઠેકાણે કબજે થઇ ઘેરાઇ રહ્યો હોય અને પાછળથી કોઇ રાજા આવી ચોર લોકોના ઘેરાને તોડી નાખે તે વખતે તે પુરૂષને કેટલો આનંદ થાય તેજ રીતે ભક્ત પણ સ્ત્રી ધન રાજ્યાદિ સુખમાં દોષો જોઇને અતિ વ્યાકુળ થાય છે તેને છોડવાની ઇચ્છા કરે છે પરંતુ છોડી શકાતું નથી એવામાં સ્ત્રી ધનાદિકનો નારાયણે નાશ કર્યો. એટલે તે ભક્ત નારાયણનો પૂર્ણ ઉપકાર માનીને ઘણોજ ખુશી થાય છે. જેમ રાજાનો દૂત રાજાના હુકમથી સાહુકારને તેડવા સાહુકારના મુકામ પર જાય, અને ચોરને તેડવા ચોરના મુકામ ઉપર જાય, ત્યારે જે ચોર છે તે પોતાનો દોષ વિચારીને મુખ મલિન કરી દૃતથી બીહે છે અને સાહુકાર છે,

તે રાજ્ય દુતને દેખીને પોતાના ઉપર રાજાની ઘણી મહેરબાની છે. એમ માનીને ખુશી થાય છે. તેમ અજ્ઞાની માણુસ પોતાના અજ્ઞાન દોષવડે કરીને દુઃખને દેખી મુખ મલિન કરી દે છે. અને વિવેકીનું મન અનુગ્રહ માનીને પ્રફુલ્લ થાય છે.

દોહા—જશરૂપ ધ્વજ શુભ સંતનો, કરે પ્રકટ દુઃખ દંડ;
ધૃતિ સ્મૃતિ દ્રઢ સ્થિતિ પામીને, વળી વૈરાગ્ય પ્રચંડ.

જેમ ધ્વજાનું લુગડું વાંસ ઉપર ચઢે છે ત્યારે સર્વ જગતના દેખવામાં આવે છે, ગાંસડીમાં બાંધી મુકયું હોય તો કોઈ દેખી શકતું નથી. તેમ સતપુરૂષોની ઉજ્વળ કીર્તી રૂપી ધૈર્યાદિ ગુણરૂપ જે ધ્વજા છે તે, દુઃખરૂપ વાંસ ઉપર ચઢે ત્યારેજ સર્વ જગતમાં પ્રખ્યાત થાય છે. વિષય સુખ રૂપી ગાંસડીમાં બંધાઈ રહેવાથી જગતમાં પ્રખ્યાત થતી નથી, દુઃખ આવવાથી વિવેકી પુરૂષને વૈરાગ્ય ઉત્પન્ન થાય છે, વૈરાગ્ય ઉત્પન્ન થવાથી મનમાં ધૈર્ય ઉત્પન્ન થાયછે ધૈર્ય થવાથી નારાયણની દ્રઢ સ્મૃતિ થાય છે. સ્મૃતિ થવાથી નારાયણને વિષે મનની દ્રઢ સ્થિતિ થાય છે. માટે દુઃખમાં મોટો ગુણ રહેલો છે.

દોહા—સંતતણા સંકટ વિષે, હરિ રહે છે પાસ;
રામ રામ મુખ નિકળે, અંતર કરે પ્રકાશ. ૪૮

ભક્ત જનના સંકટમાં નારાયણ પોતે હૃદયમાં આવી બેસે છે. કારણ કે ભક્તને દુઃખ વખતે રામ રામનો ઉચ્ચાર મુખમાંથી નીકળે છે. તે -હૃદયમાં રામજી હોવાનું સાબીત કરે છે.

દોહા–રે દુઃખ દૂર ન જઇશ તું, રહે હમારી પાસ;
તું જ રહેથી રામજી, કરશે હૃદયે વાસ. ૪૯

હવે વિષય સુખમાં દોષ બતાવે છે.

દોહા–કામ ક્રોધ મદ મોહ સહુ, વધે વાધતાં સુખ;
દુઃખમાં તે સહુ દૂર ખસે, રામ વસે છે મુખ, ૫૦

ધન રાજ્યાદિ સુખ પ્રાપ્ત થવાથી મેદની વૃદ્ધિ થાય છે. અને સ્ત્રી પુત્રાદિકને વિષે મોહની વૃદ્ધિ થાય છે. દેહાદિકને વિષે અહંકારની વૃદ્ધિ થાય છે. ધન રાજ્યાદિએ કરાને ગર્વની વૃદ્ધિ થાય છે. અને પુરૂષ રામજીને ભુલી જાય છે. તે સંબંધમાં ભાગવતમાં કુંતીજીએ કહ્યું છે કે.

શ્લોક.

जन्मैश्वर्य श्रुतश्रीभिरेधमानमदः पुमानै
वार्हत्यभिं धातुवैत्वाम किंचन गोचर.

અર્થ હે ભગવાન? ઐશ્વર્ય, વિદ્યા, અને રાજ્યાદિ સંપત્તી પામીને જેનો મદ વધી ગયો છે, એવો જે પુરૂષ તે તમને જાણવાને યોગ્ય તો નથીજ, પરંતુ તમારૂં નામ લેવાને પણ યોગ્ય નથી. કારણ તમે તો પરમહંસોના વિષય ભૂત છો, પામરોના નથી.

માટે દુઃખની અંદર મદાદિ વિકાર ગ્રીષ્મ રૂતુના નદીના પ્રવાહની તુલ્ય ક્ષીણ થાય છે. અને શ્રીરામજી મુખમાં આવીને બેસે છે.

સોરઠા–નામ સુખ દુઃખ ખાંણુ,તે સુખથી તો દુઃખ ભલું;
વિષ મોદક લે માણુ, તેથી રૂડા કોદરા. ૫૧

જેમ વિષવાળા ઘી ખાંડના લાડવા છે તે ખાતાં સારા લાગે છે પણ પરિણામે નાશ કરતા છે. તે કરતાં કોદરાના રોટલા સારા. કેમકે તે ખાતાં સારા લાગતા નથી પણ જીવનના હેતુ છે. તેમજ સ્ત્રી પુત્ર ધનાદિક વિષય સુખ છે. તે સુખરૂપ ભાસે છે. માટે મુરખો તેને સુખ માને છે. પણ આ લોકમાં જે કાંઇ દુઃખ છે તેનું મુળ તેજ છે કારણ સ્ત્રી પુત્ર ધનાદિકને ઉત્પન્ન કરતાં, રક્ષણ કરતાં, પોષણ કરતાં, અને તેનો નાશ થતાં પણ દુઃખજ છે. અને ઉત્પન્નાદિકને લીધે કરેલા પાપથી પરિણામે પરલોકમાં નર્ક દુઃખ થાય છે. માટે બંધન કરતાં વિષય સુખ કરતાં દારીદ્ર દુઃખ સો દરજે સારૂં છે. જો કે દારીદ્ર દુઃખ સહન કરવું દુર્ઘટ છે. પરંતુ એ દુઃખમાં ઘણા ગુણ સમાયલા છે. કારણ દુઃખ ભોગવવાથી પાપની નિવૃતી થાય છે.

હવે નારાયણને વિષય સુખની નિવૃતી થવા અને દુઃખ દેવાની પ્રાર્થના કરે છે.

દોહા—દુઃખનું મળ સુખ વિષયનું, થાવ દેહથી દૂર;
રહો અંતરમાં દુઃખ ભર્યું,થાય ભજન ભરપૂર.૫૨

ધનાદિક વિષયનું વિયોગ દુઃખ જે છે. તે હરિભજનનું રક્ષક અને પોષક છે. તે હમારા દેહમાં આવીને વસો. તેથી કાંઇ નુકશાન નથી. ભગવાન પ્રતિ કુંતીજીએ પણ દુઃખ આપવાની પ્રાર્થના કરી છે.

શ્લોક.

विपदः सुतनः शश्वत्तत्रतत्र जगगुरा ॥
भवतो दर्शनं तत्स्याद पूनर्भव दर्शनं ॥

અર્થ—હે જગદગુરૂ હમોને આપદા થવા, સંપત્તી ના થશો. કેમકે આપદા વખતે તમારૂં સ્મરણ થવાથી તમારૂં દર્શન થશે. તે તમારૂં દર્શન એવું છે કે; જે દર્શનથી ફરી સંસારનું દર્શન કરવું પડતું નથી.

હવે દુઃખ વિચારના ફળને કહીને આ પ્રકરણની સમાપ્તિ કરે છે.

દોહા–સુરવિર રણસંગ્રામમાં, રહે સદા હોંશિયાર;
ભક્તજનો ધીરજ ધરી, સંકટ સહે અપાર. ૫૩

જ્યાં અસ્ત્રશસ્ત્રની વૃષ્ટી થતી હોય તેવા રણસંગ્રામમાં સુરવિર પુરૂષ ધીરજ ધરીને સ્થિર પગ કરી ઉભો રહે છે. પણ ત્યાંથી પગ ઉપાડતો નથી. વળી બહુ પગવાળો કાનખજુરો હોય છે તે જયારે સંકટ આવી પડે છે ત્યારે પોતાના પગોને સ્થીર કરીને ચોંટી જાય છે તેને વધારે ખેચે તો તુટી જાય છે પણ પોતાના પગ છોડતો નથી. તેમ ભક્તનું મન છે તે પણ દુઃખ આવવાથી દુઃખના ગુણોનો વિચાર કરીને ધૈર્ય ધારીને, સાવધાન થઈને, નારાયણને દ્રઢતાથી પકડી લે છે. પ્રાણ જાય તોપણ છોડતો નથી.

એ રીતે ભક્તના વૃત્તનું નિરૂપણ કરીને હવે ભગવાનની ભક્તીનું નિરૂપણ કરે છે.

પ્રકરણ ૩ જું.

દોહા—રે મન હરિની ભક્તા કર, જો ચાહે કલ્યાણ;
વિણ ભક્તી મુકતી નથી, એ મન નિશ્ચય જાણ.

માણુસ પોતાના ભલાને ઇચ્છે છે પણ ભલાઈના સાધનને જાણતો નથી. માટે પોતાના ભલાની ભ્રાન્તીથી બીજા ઉપાયો કરે છે માટે બુરૂ થાય છે. પરમ કલ્યાણ થતું નથી માટ જો પરમ કલ્યાણને ઈચ્છે તો ભગવાનની ભક્તી કર. કારણ ભકતી વગર કદાપી મુકતી થવાની નથી.

પ્રશ્ન—ભકતીથી શું થવાનું છે, જ્ઞાનથીજ મુકતી થશે.

ઉત્તર—જ્ઞાન છે તે પણ મુકતીનુંજ કાર્ય છે. માટે ભકતીથી ભિન્ન નથી.

પ્રશ્ન—જ્ઞાન શ્રવણાદિ સાધનથી થાય છે. માટે ભકતીથી સ્વતંત્ર જે જ્ઞાન છે તે મોક્ષનું સાધન છે.

ઉત્તર—શ્રવણાદિક છે તે પણ ભગવ્ તત્વ વિષય કરે છે. માટે ભગવદ્ ભક્તીનાંજ અંતર ભૂત છે. ભગવદ ભકતીથી સ્વતંત્ર સાધન નહિ. અને ભગવદ ભકતી છે તે પણ શ્રવણાદિ સાધનમાં અને જ્ઞાનરૂપ ફળમાં અનુગત્ય છે માટે ભકતી છે એજ મોક્ષનું સાધન છે. એજ નિશ્ચય માનવું. ભગવાનની ભક્તી કેવી કરવી તેના જવાબમાં કહે છે કે.

દોહા—જેવી ભકતી હરિતણી, ભકત વિષે ભરપૂર;
તેવી ભકત ભકતી કરે, તો ભગવદ્ નથી દૂર. ૨

ભગવાન ભકતને વિષે વાત્છલ્ય ભાવ રાખે છે.

દોહા—હરિમાં કામ કપટ નહી, નહી દંભ અભિમાન;
સ્વાત્મભાવ સહુ ગણે, ભક્ત વત્છળ ભગવાન.૩

જેમ જીવ કામનાએ કરીને ભગવાનની ભકતી કરે છે, ત્યારે નારાયણ સર્વથી સુહેત અને ઉપકાર વિગેરેથી પુરણ કામ છે. જીવ કપટની ભક્તી પ્રીતિ કરે છે. તેમ નારાયણની ભકતી પ્રિતીમાં કપટ નથી. જીવની ભકતીમાં જેમ દંભ અભીમાનાદિ દોષ છે, તેમ ભગવાનના ભકત વાત્સલ્યમાં દંભાદિ દોષ નથી.

પ્રશ્ન—જ્યારે ભગવાનને કાંઇ કામના નથી ત્યારે ભકતથી સ્નેહ શા માટે રાખે છે.

ઉત્તર—ફકત સ્વાત્મભાવ કરીને સ્નેહ કરે છે.

પ્રશ્ન—જ્યારે ભગવાન સ્વાત્મભાવથી અથવા વાત્સલ્ય ભાવથી ઉપકારાદિપ્રિતી કરે છે ત્યારે ભકત વગર બીજા ઉપર પ્રીતિ કેમ કરતા નથી.

ઉત્તર—ભગવાન સામાન્યપણાથી સર્વના ઉપર સ્નેહ ઉપકારાદિ કરે છે, તથાપિ ભગવદ્ વિમુખ કામનાદિ દોષ યુકત ચિત્તમાં ભગવાનના કરેલા ઉપકાર દેખાતા નથી. ભગવાનની સન્મુખ વિશુદ્ધ અંતઃકરણવાળા ભકતને વિષે જ ભગવાનના કરેલા ઉપકાર પ્રકટ દેખાયછે. જેમ સુર્યમાં અગ્નિ તથા પ્રકાશ છે તે સર્વત્ર કાષ્ટ પાશાણાદિમાં રહેલો છે. છતાં મલિન કાષ્ટ પાશાણાદિમાં વિશેષે કરીને દેખાતો નથી. પણ વિશુદ્ધ દર્પણ કાચાદિકમાં પ્રતિબીંબ રૂપ થઇને દેખાય છે. તેમ નારાયણકૃત ઉપકાર બધે સરખોજ છે. કાંઇ નારાયણને વિષે ભેદ બુદ્ધિ નથી.

વળી બીજું દ્રષ્ટાંત બતાવીને ભકતીનું નિરૂપણ કરેછે.

દોહા—ભકતી દેહતણી કરે, અજ્ઞાની નિરદોષ;
એવી હરિની જો કરે. હરિ પામે સંતોષ. ૪

જેમ અન્ન વસ્ત્ર આભરણાદિવડે શરિરની ભકતી કરે છે. તે કામના કપટ દંભાદિ દોષ રહિતજ કરે છે. અને કર્યાનું અભીમાન પણ કરતો નથી વળી સ્વાત્મ બુદ્ધિ વડે કરે છે. એવી રીતે કામાદિ દોષ રહિત પ્રભુની ભકતી જે પુરૂષ કરે તેના ઉપર હરિ તરતજ પ્રસન્ન થાય છે.

હવે ભકતીનું સ્વરૂપ કહે છે.

દોહા—સદા સર્વધા સર્વમાં, હરિની વૃત્તિ આણ,
અન્ય ભાવ અળગો કરી, ભકતી રૂપ તે જાણ. ૫

હરિ વગર બીજી મીથ્યા વસ્તુની ભાવના ત્યજીને સર્વને વિષે હરિની ભાવના કરે, અને સદા ઉઠતાં બેસતાં હરતાં ફરતાં નારાયણની ભાવનાનું ધ્યાન એજ ભકતી. વળી સર્વથા શ્રવણ કીરતન સ્મર્ણાદિ કરીને સર્વમાં નારાયણનું ચિંતવન કર્યું તેજ ભક્તી જાણવી. ગીતામાં કહ્યું છે કે.

श्लोक

मच्चित्ता मद्गाता माणाः बोधयंतः परस्पर ॥
कथयं तश्चमांनित्यंमे तुष्यतीचर मंतीच ॥

અર્થ—હું નારાયણને વિષે જેના ચિત્તનો વ્યાપાર ધ્યાન સ્મર્ણાદિ હોય છે, તે સરવે મારોજ બોધ કરે છે. અને મ્હારા કથનથીજ સંતોષને પામે છે. અને મારા ભજનથી સુખમાંજ રહેછે. એવી રીતે નિરંતર મારીભક્તી કરે તેને હું જ્ઞાનયોગ આપુંછું.

દોહા–મન વાચા કરમે કરી, પ્રભુ પરાયણ થાય;
તેવા ભક્તતણી કરે, ભક્તિ શ્રી હરિરાય. ૬

જે કોઇ પુરૂષ કામનાદિ દોષને છોડી મનસા, વાચા, કર્મણાએ કરીને સદા નારાયણ પરાયણ થાય તો, જેવી રીતે યુધિષ્ટિરાદિકની નારાયણે ભક્તિ કરી તેવી રીતે તે ભકતની પણ ભગવાન ભકિત કરે; પણ જે કપટી અને દંભી ભકત છે તે ઉપર ભગવાન પ્રસન્ન થતા નથી.

દોહા–વિષય વિષે આતુરતા, ને કહાવે હરિભકત;
તેવા ભકતથકી રહે, પ્રભુ સદાય વિરકત. ૭

જગતમાં હમારા જેવો કોઈ ભકત નથી એવો ડોળ બતાવીને જ્યાં ત્યાં ભગવદ્ ભકત કહેવડાવે છે, અને પોતે પણ પોતાને ભકત કહે છે. પરંતુ મન તો ભગવાનને વિષે રકત નહિ રહેતાં વિષયમાં રહે છે; તેથી તેનું મન નારાયણથી વિમુકત થાય છે. અને તે નારાયણની નિકટ જતો નથી. ત્યારે નારાયણ પણ તેવા ભકતથી વિરકત થઇને તે ભકતની નિકટ આવતા નથી. ભગવાન પોતે શ્રીમુખે કહે છે કે, જે પુરૂષ મને ભજે છે, તે પુરૂષને હું પણ ભજું છું.

એવી રીતે ભગવાન ભકિતનું નિરૂપણ કરી હવે મનુષ્ય દેહ પામીને જે ભગવદ્ ભજન નહિ કરતાં કેવળ વિષય સુખમાંજ આશકત રહે છે, તેને માટે વિશ દોહરા કરીને કહે છે.

દોહા–ભજવા આવ્યો રામને, અન્ય ભજ્યો મતિમંદ;
થયો ચોર શ્રીરામનો, પડયો વિષયને ફંદ. ૮

ભગવાન જે સર્વથા મનુષ્ય દેહ પામીને ભજવા અને

પૂજવા યોગ્ય છે, તેને હે મુરખા તેં શેવ્યા નહી અને તે કાન્તાદિક વિષય મનુષ્ય દેહને શેવવા લાયક નથી; તેને તેં શેવ્યાં. કારણ સ્ત્રી પુત્રાદિકની શેવા તો ખર શ્વાનાદિ દેહથી પણ થાયછે. ત્યારે મનુષ્ય દેહધરીને કાન્તાદિકની શેવા ના કરવી જોઇએ. પણ મંદ બુદ્ધી પુરૂષે મનસા વાચા અને કર્મણાએ કરીને કાન્તાદિક વિષયનીજ ઉપાસના કરી. આ લોક અને પરલોકના સર્વ અર્થના મુળરૂપી ગ્રહ કાન્તાદિકથી ભલા પુરૂષે દૂર રહેવું તેજ ઉત્તમ છે. કેમકે તે વિષય તો અનિત્ય છે, માટે તે જીવને ત્યાગ કરશેજ, ત્યારે વિવેકી પુરૂષ પ્રથમથીજ તેનો ત્યાગ કેમ ના કરે ? માટે વિવેકી પુરૂષે વિષયનો ત્યાગ કરવો તેજ ઉત્તમ છે, મહાત્મા ભર્તૃહરિએ કહ્યું છે કે,

श्लोक

अवश्यं या तारश्चिरत रमुषित्वापि विषयया ॥
वियोगेको भेदस्त्यजती न जनः किंस्वयमभून् ॥
व्रजंतः स्वातृंआदत्तुल परितापाय मनसः ॥
स्वयंत्यक्ता ह्येनेशम मूख मनंतं विदधते ॥

અર્થ—જે પુરૂષ પરમપુરૂષાર્થને ઇચ્છે છે, તેણે પુરૂષાર્થના ઘાતક અને અનર્થરૂપ વિષયનો ત્યાગ કરવો તેજ ઉત્તમ છે, જો પુરૂષ તેનો ત્યાગ નહી કરે તો ઘણા વખત પછી પણ તેનો ત્યાગજ થવાનો છે કારણ તે અનિત્ય છે. ત્યારે પ્રથમથી તેનો ત્યાગ શા માટે ના કરવો ? (શંકા)

જ્યારે ધનાદિ વિષય અનર્થનો હેતુ છે, તે પુરૂષને છોડીને જાય છે, તો પછી તે પુરૂષ ધનાદિ ત્યાગવાનો યત્ન પણ શું કરવા કરે ? કારણ અનર્થનું કારણ જે વિષય અને

પુરૂષ તેનો વિયોગ તો વિષય ત્યાગ કરે તોપણુ થાય છે. ત્યારે વિયોગમાં શો અંતર રહ્યો? (સમાધાન) ધનાદિ વિષય આપ પોતેજ પુરૂષને છોડી દે તો તે પુરૂષના મનમાં ઘણાજ દુઃખના હેતુ થાય છે. પણ જો પુરૂષ પોતે વિવેક કરીને વિષયને છોડી દેતો શાન્તાથકી તેને અનંત સુખ પ્રાપ્ત થાય છે. એવું જગતમા આપણ પ્રત્યક્ષ દેખીએ છીએ. જે પુરૂષ પોતાની ઇચ્છાએ કરીને ધનાદિકનો સુપાત્રની મારફતે ત્યાગ કરે છે. તે સુખનો હેતુ છે. અને રાજા ચોરાદિકવડે કરીને ધનનો ત્યાગ થાય છે તે દુઃખનો હેતુ છે. માટે જે મુરખ મનુષ્ય છે તે મનુષ્ય દેહવડે કરીને રામ ભજન પણ કરતા નથી અને વિષયને પણ ત્યાગી શકતા નથી. જે વિષય છે તે પુરૂષનું ભુંડું કરીને પુરૂષને છોડીને પોતે જતા રહે છે, માટે રામનો પણ ચોર થયો અને વિષય પણ રહ્યા નહી એ રીતે રામ ભજન નહીં કરવાથી ઉભય ભ્રષ્ટ થયો.

દોહા—શ્વાન જેમ ભટકી મરે, ઘર ઘર ટુકડા માટ;
તેમ મુરખ ત્યજી રામને, વળે વિષયની વાટ. ૯

જેમ કુતરો રોટલાને માટે ઘર ઘર ઢુકતો ફરે છે. તેમ જીવ રામજીથી બહીરમુખ થઇને ઇંદ્રિયોને લડાવવાને માટે વિષય પ્રતિ ભટકતો ફરે છે. માટે રામજીનો ચોર થાયછે.

દોહા—રત્નાદિકથી ના મળે, એક પલકનો શ્વાસ;
તે આયુષ્ય મુરખ કરે, વિષય ભોગમાં નાશ. ૧૦

આયુષ્યનો એક પલકનો શ્વાસ છે તે પારસાદિ સરવ રત્ન ખરચતાં પણ મળતો નથી. એવો અમુલ્ય આયુષ્ય તે મુરખે સ્ત્રી ધનાદિ વિષયના સાધનમાં નાશ કર્યો, પરંતુ એવા આયુષ્યે કરીને પરમ પુરૂષાર્થ જે મોક્ષ તેને સાધ્યો નહી. તે કેવી મુરખની મુરખતા?

દોહા—લવ આયુષ્યથકી પહોંચીયા, ઘણા મોક્ષ પર્યંત;
પણ સહુ આયુષ્ય ખોઇને, મુર્ખ થયો દ્રઢ બંધ. ૧૧

ખડવાઙ્ગ રાજા આદિ સ્વારથ સાધનમાં જે કુશળ પુરૂષો છે, તે આયુષ્યના લવ મૂહુર્ત માત્રમાં મોક્ષ પામ્યા છે. પણ મુરખ પુરૂષ સંપુર્ણ આયુષ્ય પામીને પણ મુક્ત થતા નથી., તે કેવી મુરખની મુરખતા?

દોહા—વિજ ચમકાર સમદેહથી, પામી ઉત્તમ જ્ઞાન;
હરિ હીરો મન તંતુથી, પરોવવો દઇ ધ્યાન. ૧૨

જેમ ભાદ્રપદની અમાસની વાદળથી ઘેરાયલી રાત્રીને વિષે. અગ્નિ આદિ કાંઇ સાધન નથી તે વખતે પાસેથી મોતી નિચે પડી ગયું છે. તે વખતે ફક્ત વિજળી ચમકારા કરે છે. તે વિજળીના ચમકારામાં જો મોતી હાથ લાગ્યું તો લાગ્યું નહિ તો પછી આગળ પાછળ તો અંધારૂંજ છે. એ રીતે આ મનુષ્ય દેહની પ્રાપ્તિના પહેલાં આ દેહને વિષે મોક્ષની સાધનાવાળી બુદ્ધિ હતી નહી. માટે બહુ વખતથી અંધારૂંજ હતું. અને આ મનુષ્ય દેહના નાશ પછી પણ આગલા પશુ આદિક દેહને વિષે મોક્ષની સાધનાવાળી બુદ્ધિ નહીં હોય તેથી આગળ પણ અંધારૂંજ છે. વચમાં વિજળીના પ્રકાશની માફક ક્ષણિક મનુષ્ય દેહની પ્રાપ્તિ છે. અને ઉત્તમ બુદ્ધિને પામીને રામરૂપી રતનને આ મનરૂપી તારમાં પરોવીને પોતાના હૃદય ઉપર આભુષણ કરીને રાખે તેને ઘણો હોંશીઆર સમજવો. પણ જો આ મનુષ્ય દેહમાં તે કાર્ય ના થયુ તો આગળ પાછળ અંધારૂંજ છે. માટે વિદ્વાન પુરૂષોએ એ કાર્ય સાવધાન થઇને કરવું.

ફરી મુરખના આયુષ્યની વ્યર્થતાનું દ્રષ્ટાંત બતાવે છે

દોહા—વિષય સાધનમાં સહુ ગયું, આયુષ્ય રત્ન અમુલ્ય;
જેમ તમાકુ કારણે, આપ્યું રત્ન અમુલ્ય. ૧૩

જેમ કોઈ અમુલ્ય રત્ન આપીને ચલમ તમાકુ લે, તેમ મુરખે અમુલખ આયુષ્ય ગુમાવીને વિષય સંપાદન કર્યો.

દોહા—દેઇ ઘરેણું બાળકે, લીધાં બોર લગાર;
ઘણો નફો મેં મેળવ્યો, હરખી કરે વિચાર. ૧૪

જેમ ઉત્તમ ઘરેણું આપીને બાળક બોર લે, અને જાણે કે મેં ઘણોજ નફો મેળવ્યો તેમ ઉત્તમ આયુષ્યરૂપ આભર્ણ ગુમાવીને મુરખે વિષય રૂપ બોર સંપાદન કર્યો.

દોહા—આયુષ્ય દોરે બાંધીયો, દેહ ઘડો નિરધાર;
સાવધાન થઇ ખેંચતાં, નિકળે ભવકૂપ બ્હાર. ૧૫

જેમ મરૂસ્થલમાં તરશથી ભટકતો વટેમાર્ગુ પાણીને માટે રખડે છે તેને કોઈ ઉજડમાં કૂવો દેખાયો; ત્યાં જઇને દોરીથી બાંધીને લોટો કુવામાં મુકયો. તે લોટો અને દોરી સર્વ કુવામાં જતું રહ્યું; ફકત દોરીનો છેડોજ હાથમાં રહ્યો, જો તેને પણ જવા દે તો, દોરી લોટો અને પ્રાણ સરવે જાય પણ જો તે છેડાને મજબુત પકડી રાખે તો કાર્ય સફળ થાય. તેમ આ જીવરૂપી વટેમાર્ગુ અનાદિ કાળથી સંસાર રૂપી મરૂસ્થળમાં મહા દુઃખી થઇને ભટકે છે, તે દુઃખની નિવૃત્તી અને સુખની પ્રાપ્તિને માટે દેહરૂપી લોટાએ આવરદારૂપી દોરીથી બંધાઇને ગૃહરૂપી કુવામાં પડયો છે. તે કુવામાં સરવ આયુષ્ય ગયો. હવે ફકત થોડોજ અવશેષ રહ્યો છે. જો તે થોડો પણ ગયો તો, આગલ્યા પાછલા બધા

ભવ ડુબ્યા સમજવા. પણ જો આ શેષ આયુષ્યને ભગવદ્ ભજનવડે કરીને સુધારે તો આગલ્યા પાછલા બધા ભવ સુધરે, કેમકે પાછલ્યા જનમમાં પણ આ મનુષ્ય જનમની જીવ આશા કરતો હતો; કે મનુશ્ય જન્મ પામીને સંસારથી નિવૃત્ત થઇશ, માટે આ જનમ સુધરવાથી પાછલા જન્મ પણ સફળ થાય. અને આ જન્મમાં પણ "ભકિત બીજ રોપવાથી આગલ્યા જન્મોને વિષે પણ ભકિત રૂપ કલ્પ લતા અવશ્ય થશેજ. માટે આ સુધારવાથી આગલ્યું પણ સુધરશે. માટે મુમુક્ષુ જનોએ ભગવદ્ ભજંનાદિ કરીને આ જન્મના શેષ આયુષ્યને સુધારવો.

દોહા—બહુ ગઇ ને થોડી રહી, પણ મન ચેતે નહી;
હે જડ ફરી નહી પામશે, આ અવસર જગમાંહી. ૧૬

તે અંધ કુવામાં આવરદારૂપી દોરી જતી રહી, હવે થોડીશેક અર્થાત છેડોજ અવશેષ રહ્યો છે. માટે હે જડ બુદ્ધિના મન તું ગાફલ કેમ રહ્યો છે ? હજુ ચેતતો કેમ નથી ? અને ભગવદ ભજન કેમ કરતો નથી ? કોઇ કહેશે કે હજુ અમે કયાં વૃદ્ધ થયા છીએ ભગવદ ભજન કરવાના હજુ ઘણુાય દિવસ છે. તો કહે છે કે, કોણ જાણે છે કે તું બહુ જીવીશ ! કેમ જાણ્યું હમણાંજ નહી મરી જાઊં ! અને કદાચ હમણાંજ મરી ગયો તો પછી આવો અમુલ્ય અવસર કયાંથી મળવાનો છે. માટે હમણાંથીજ ભગવદ ભજન કરવું.

દોહા—વિદ્યા આયુષ્ય બુદ્ધિ બળ, ગયાં વિષયની માંહી;
ભલાં મળ્યાં સાધન સહુ, પણ નવ કીધું કાંઈ. ૧૭

અજ્ઞાની વિષયાશકત પુરૂષની અધ્યાત્મ વિદ્યા તે ધ-

નાદિક વિષય સાધનને માટે છે. કાંઇ મોક્ષ માટે નથી. કેમકે તેમાં નારાયણની ભાવના નથી. આવો રૂડો આયુષ્ય, આવી રૂડી બુદ્ધિ, અને ઇંદ્રિયોનું સામર્થ્ય તે બધું મુરખ મનુષ્યે ધનાદિક વિષય સંપાદન કરવામાંજ ગુમાવી નાંખ્યુ. પરંતુ એ સારાં સાધનોથી મોક્ષનું સાધન થયું નહી. તે કેવું મુરખાઇનું લક્ષણ ?

દોહા—કામ તણો કિંકર થયો, વામા તણો ગુલામ;
દામ દોરડે બાંધીયો, પામર ભજ્યો ન રામ. ૧૮

મુરખ જે છે તે મનુષ્ય દેહાદિક મોક્ષ મેળવવાની સામગ્રીવડે કરીને કામદેવની ચાકરી કરે છે. અને ધનરૂપ બંધનથી બંધાઇ રહ્યો છે. પરંતુ તે સાધનવડે કરીને નારાયણની શેવા કરતો નથી. તે કેવું મુરખાઇનું લક્ષણ ?

દોહા—દામ ગણ્યો મતિમંદ તેં, રામથી અધિક વિશેષ;
રામ તજ્યો તેં અંધ નર, રમતો ફરે વિદેશ. ૧૯

મંદ બુદ્ધિ મુરખના સર્વ અનર્થનું મૂળ જે ધનાદિક તે રામજીથી પણ અધિક પ્યારાં ગણીને તે અંધ રામજીનો ત્યાગ કરે છે. અને રામજીનો અનાદર કર્યાથી લક્ષ ચોરાશીમાં ભટકવા રૂપ ફળને પામે છે, વિશ્નુ ભકિત કલ્પલતામાં કહ્યું છે કે, સરવ સુખનું મૂળ જે રામજી તેમનાથી જે પુરૂષને કલેશનું મૂળ ધનાદિ વિશેષ માન્ય છે તેને આંધળોજ જાણવો. કેમકે રામજીમાં અને ધનમાં ઘણોજ ભેદ છે તે તેના દેખવામાં આવતો નથી, અને આલોક તથા પરલોકમાં અનર્થનું મૂળ જે ધનાદિક તેનેજ પરમપુરૂષાર્થ માનીને તેને સંપાદન કરે છે. તેજ વીપ્રિત

બુદ્ધિ છે, શ્રીરામજીનો મહિમા નિરૂપણ કરવાને કોઇ સમર્થ નથી પણ ફકત તેમના નામનોજ એવો મહિમા છે કે જો એકવાર સાંભળે તે પરમ સંતોષને પમાડવાળા રામપદને પામે છે અહી યુકતી એ છે કે, જેની પાસે મોક્ષનું સાધન જ્ઞાનાદિ કાંઈ છે નહી. પણ કાશીપુરીનું મહાત્મ સાંભળીને મોક્ષની ભાવના કરીને મનસા વાચા શાસ્ત્ર વિધિ સહિત કાશીપુરીનું શેવન કરે છે. પણ જ્ઞાન વગર મુકતી થતી નથી. માટે કાશીપુરિના અધિષ્ટ જે શીવજી છે. તે તે પુરૂષના મરણ વખતે રામ મંત્રનો બોધ કરે છે. તે મંત્ર એકવાર સાંભળવાથી મુકતી થાય છે કેમકે કાશીપુરિની ઊપાસનાથી અંતઃકરણની શુદ્ધિ થયેલી હોય છે; અને અંતઃશ્વાસા વખતે ઉપદેશ કરે છે. એટલે બીજો કોઈ પ્રતિબંધ થતો નથી. વળી રામજીના નામમાં રામજીનો બોધ કરવાનું સામર્થ રહેલું છે, અને શિવજીની કૃપા છે. એટલે ઉપર મુજબની સ્હાયતાપૂર્વક રામ નામના એકવાર શ્રવણથી મુક્તી કહી તે નિઃસંશય છે.

દોહા—રામ ગણ્યો પ્રિય મૂઢ તેં, રામ ઉપર નહી નેહ;
રહ્યો રખડતો જગતમાં, રામ તજ્યા ફળ એહ.૨૦

મૂઢ પ્રાણીને શ્રીરામજી કરતાં પણ ધન ઉપર અધિક પ્રિતી છે અને રામજી ઉપર પ્રિતી નથી. તેથી સંસારમાં ભટકવું પડે છે, અને રામજીને તજ્યાનું જ તે ફળ છે.

દોહા—રામજીથી જે પુરૂષને, દામ અતિ પ્રતિકુળ;
રામ તજે નહી સ્વપ્નમાં, તેને રામ અનુકુળ.૨૧

જે પુરૂષને ધનના કરતાં રામજી વધારે પ્રિય છે, તે સ્વપ્નમાં પણ રામજીને છોડતો નથી. કેમ કે જાગ્રતાવ-

સ્થાના દૃઢ અભ્યાસથી સ્વપ્નમાં પણ રામ સ્મરણ કરે છે. તેવા પુરૂષ ઉપર રામજી સદા અનુકુળ રહે છે.

દોહા—દામ તણા જે દાસ તે, રામ તણા નહી દાસ;
દામ થકી હાર્યો ફરે, રામ તેહની પાસ. ૨૨

જે પુરૂષ ધનાદિ મદે કરીને છકેલા છે, તે પુરૂષ હે રામજી તમારા નથી. તમારા પુરૂષ તો તેજ કે જે ધનાદિક વિષેથી પુરૂષાર્થ બુદ્ધિનો ત્યાગ કરી તેથી હારી ગયેલા છે. અને અત્યંત અનર્થના હેતુ રૂપ ધનને છોડી દે છે, તે પુરૂષ તમારા છે.

દોહા—રામ તમારા દાસને, દામ ન આવો પાસ;
બગડે બુદ્ધિ દામથી, રામથી થાય નીરાશ. ૨૩

હે રામજી તમારા દાસની પાસે ધન આવશો નહી, કારણ ધન આવવાથી ધનને વિષે પુરૂષાર્થનો ભ્રમ થશે, ત્યારે તેને સંપાદન કરવાનો, રક્ષણ કરવાનો તથા વૃદ્ધિ કરવાનો યત્ન કરશે. ત્યારે રામ વિષયણી જે બુદ્ધિ તેનો નાશ થશે. એટલે સરવ અનર્થની પ્રાપ્તિ થશે. એટલે તે પુરૂષ રામજીની પ્રાપ્તિને માટે નિરાશ થઇ જશે. માટે તે અનર્થના હેતુ ધનને આપના દાસથી દૂર રાખો.

દોહા—ધન મદ મસ્ત થઈ રહે, અંધ બધિર જડ જેહ;
વિષય વિષે રત જે સદા, જીવતા શબ સમ તેહ. ૨૪

આ જગતમાં ધન પામીને નિર્દોષ અને હરિભક્ત તે તો કોઇ વિરલાજ હોય છે. પણ ઘણું કરીને તો ધનવાન પુરૂષ દુઃખી જ દેખીયે છીએ. કેમ કે જે પુરૂષ ધન અને કામાદિ મદવાળો થયો હોય છે, તે દુઃખી જીવોને અને દરેક ઉદ્યમમાં દોષોને દેખે છે; છતાં પણ જાણે દેખતો નથી,

માટે તે અંધ છે, અને દુઃખી જીવોના દુઃખોદ્‌ગારો સાંભળવા છતાં પણ તે જાણે સાંભળતો જ નથી, માટે તે બહેરો છે. ઈંદ્રિયોના અર્થ સાધનમાં કુશળ છે તથાપી પરમાર્થ બુદ્ધિથી સુપ્ત છે માટે તે જડ છે. વળી સદા સ્ત્રી પુત્ર ધનાદિક વિષયમાં આશક્ત છે, પરંતુ નારાયણના ભજનને વિષે આશક્ત નથી; માટે તે મુડદાની પેઠે પોતાનું કાર્ય કરવાને અશક્ત છે તેથી તે જીવતા શબ જેવા છે, મુવેલાં શબ જેવા નહી.

દોહા—શબવત્ જગમાં કોણ છે ! શબવત્ નહીં તે કોણ?
રામ ભજે તે શબ નહો, સહુ શબવત્ જગ જાણ.૨૫

પ્રશ્ન—આ જગતમાં મડદાં કહ્યાં તે કોણ છે? અને મડદાં નહી એવું તે કોણ છે ?

ઉત્તર—જે પુરૂષ ચૈતન્ય સ્વરૂપ કેશવને શેવે છે, તે પુરૂષ સદા ચૈતન્ય રૂપ છે. માટે તે કદાપી શબ નહી, પણ જે કેશવની સેવના વગર જડ વિષયની જ સેવના કરે છે, અને તે જગતમાં જીવે છે, તો પણ તેને જડ વિષયની શેવનાથી શબ સમાન માનવો. અથવા એનો બીજો અર્થ—સરવ પદાર્થમાં સદ્‌ચિત્ રૂપની અનુગતિ દેખીએ છીએ. માટે અન્વય કરીને આ જગતમાં કેશવ જ રહ્યો છે, અને સદ્‌ચિદ્રુપ સર્વથી પ્રથક કર્યાથી નામ રૂપાત્મક જગત કાંઈ વસ્તુજ નથી માટે જગતથી ભિન્ન કેશવ જગતમાં નથો. એવી રીતે ભિન્નતા રહિત જે કેશવને ભજે છે, તે સહુ જડ નહો પણ સદા ચૈતન્યરૂપ છે. પણ એવા ભિન્નતા રહિત કેશવના જ્ઞાન વગરના જગતમાં જે પુરૂષ છે, તે જીવતાં છતાં પણ શબ રૂપજ છે, બ્રહ્માંડ પુરાણમાં કહ્યું છે કે,

શ્લોક.

ते शवा पुरुषा लोकेयेषांह्नक्ति मे केशवः ॥
केशवार्पित चित्तायेन शवा न पुनर्भवा ॥

અર્થ—જે પુરૂષના અંતઃકરણમાં ધ્યાન સ્મર્ણાદિકે કરીને કેશવ રહ્યો નથી, તેવો પુરૂષ જગતમાં જીવતા છતાં શબ રૂપજ છે. અને જે પુરૂષ ધ્યાન સ્મર્ણાદિવડે કરીને પોતાના ચિત્તમાં કેશવને સ્થાપન કરે છે તે પુરૂષ શબ નથી. અને જેને ફરીથી ભવ બંધન નથી એવા જીવન મુક્ત પણ તેજ પુરૂષ છે.

દોહા—કેશવને જે જન ભજે, તે સહુ કેશવ જાણ;
જે જન કેશવ નવ ભજે, તે શબના શબ માંન. ૨૬

જગતમાં જે કોઈ કેશવનું ધ્યાન સ્મર્ણાદિ કરે છે, તેને કેશવજ જાણવો; અને જે કેશવને કોઇ દિવસ ભજતો નથી, અને સદા શબ દેહાદિકને ભજે છે; તે શબના પણ શબ છે અર્થાત સર્વ શબના સરદાર છે.

(શંકા) એક કેશવને ના ભજ્યા તો શું થયું ? પરંતુ શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધાદિ સર્વ વિષય માત્રને જાણે છે. માટે તે ચૈતન્ય પુરૂષજ છે. તેને જડ કેમ કહેવાય ?

(ઉત્તર)દોહા—કેશવવત્ આ જગ સહુ, જ્યમ બુદબુદ જળરૂપ;
કેશવને જાણે નહીં, તે જાણો શબ રૂપ ૨૭

કેવળ જળથીજ ઉત્પન્ન થયેલા જળના જે તરંગ બુદ્દ બુદ્દ વિગેરે સૌ જળરૂપ છે; તેમ કેશવથી ઉત્પન્ન થયેલા સરવે કેશવ રૂપજ છે. માટે તે પુરૂષને ચૈતન્ય રૂપ કહ્યો, તે સત્ય છે. તથાપી કેશવરૂપ ચૈતન્ય આત્માને જાણ્યા વગર

શબ રૂપ જે જડ બુદ્ધ્યાદિ તેમાં તદાત્મ અધ્યાસ કરીને શબ રૂપ જડ થઇ રહ્યા છે, માટે કેશવથી બહિર્મુખ પુરૂષને શબ સમાન કહ્યો તે યથાર્થ છે. હવે કેશવ નામનો અર્થ કરે છે.

દોહા--क બ્રહ્મા अ વિશ્નુ, ईश હર व વશ જાણુ.
એહ નામ નિરૂપણ કરી, કેશવ મહિમા માન. ૨૮

केशव એ નામનો વિભાગ કરવાથી, क, अ, इ, श, व, એટલા અક્ષર નીકળે છે, તે અક્ષરોનો અર્થ—क નો અર્થ બ્રહ્મા, अ નો અર્થ વિશ્નુ ईश નો અર્થ હર કહેતાં શીવ; જગતની ઉત્પત્તિ, સ્થિતી, અને પ્રલયના કરવા વાળા જે ત્રણ દેવતા છે, તે ત્રણેને વિષે અનુગત્ય જે ચૈતન્ય તેમાં व કહેતાં વશી રહ્યો છે તેને કેશવ કહીએ.

ભગવદ્ભક્તની ભગવાનને વિષે દ્રઢ નિષ્ટાનું નિરૂપણ કરે છે.

દોહા—ભલી ભક્તિ શ્રી રામની, ભલું રામનું જ્ઞાન;
ભલી નિષ્ટા શ્રી રામમાં, તે જન રામ સમાન. ૨૯

આ દોહાનો અર્થ છ દોહા વડે નિરૂપણ કર્યો છે, તેમાં પ્રથમના ત્રણ દોહા વડે "ભલી ભક્તિ" એ પદનો અર્થ કર્યો છે, પછી એક દોહા વડે "ભલું રામનું જ્ઞાન" એ- પદનો અર્થ કર્યો છે, અને બાકીના બે દોહા વડે "ભલી નિષ્ટા" એ પદનો અર્થ કર્યો છે.

દોહા—અપ્રતિહત અવિચ્છિન્ન જે, સદા હરિ દિશ ભાવ;
ભલી ભકતી તે રામની. (જ્યમ) નિધિદિશ ગંગ પ્રવાહ

જેમ ગંગાજીનો પ્રવાહ સમુદ્રની તરફ ચાલે છે, તે સ્વભાવથીજ ચાલે છે, કોઇનો ચલાવ્યો ચાલતો નથી, અને તે અખંડિત ચાલ્યાં જ કરે છે. કોઇ પર્વતાદિએ કરીને

અંતરાતો નથી. કારણ પર્વતને ફોડીને પણ પ્રવાહ ચાલ્યો જ જાય છે. એ રીતે નારાયણની ભાવના એટલે ધ્યાનાકાર મનોવૃત્તિ એ પ્રવાહ રૂપ છે. તે પણ ગંગાજીની માફક યત્ન વગર સ્વભાવથીજ નારાયણની તરફ ચાલે છે. અને તે વૃત્તિનો પ્રવાહ તુટતો નથી. વળી તે અપ્રતિહત તિવ્ર વેગ-વાન છે માટે તે વૃત્તિ વિઘ્નાદિવડે હણાતી નથી. એવી નારાયણને વિષે દ્રઢ ભાવના છે, તેજ ભલી ભક્તિ જાણવી.

ભક્તિના અપ્રતિહિતપણાને દ્રષ્ટાંત વડે દ્રઢ કરે છે.

દોહા—શીલા ઉપર ધૂળ પડે, નહી શિલાને હાંણ;
ઉખડી જાશે આપથી (ત્યમ) વિઘ્ન ભક્તિમાં જાણ. ૩૧

જેમ પથ્થરની ઉપર ધુળનું ઢેપું જળના સંગથી ચોંટી જાય. પછી તાપ પડવાથી ઢેપું પોતાની મેળેજ વેરાઇ જાય, તેમાં શીલાને કાંઇ હાની થતી નથી. તેમ કુસંગના દોષથી ભક્તિ કરવામાં વિઘ્ન આવે, પણ સત્સંગના પ્રભાવથી પોતાની મેળેજ વિઘ્ન નાશ પામે છે; પરંતુ વિઘ્નથી ભક્તિની કાંઇ હાની થઇ શકતી નથી.

એ રીતે વિઘ્નની દુર્બલતાને જણાવી હવે ભક્તિની પ્રબળતાને બતાવે છે.

દોહા—ભક્તિ ગણે ન વિઘ્નને, વેગ ગતિ પરતાપ;
ગોળો ગણે ન સુપડું, તોડે કિલ્લો આપ. ૩૨

જેમ તોપના મુખ આગળ સુપડું રાખવાથી, સુપડાના રોકાણથી ગોળો નહી રોકાતાં કિલ્લાને તોડી નાખે છે; ગોળાને રોકવાની કાંઈ સુપડાની સત્તા નથી, તેમ અતિ વેગવાળી ભક્તિ સમુલ સંસારરૂપ કિલ્લાને તોડે તેમાં

વિઘ્નરૂપ સુપડું વચ્ચે આવવાથી કાંઇ ભક્તિનો વેગ રોકાતો નથી ભકિતના વેગને રોકવાની વિઘ્નને સત્તા નથી.

હવે "ભલું રામનું જ્ઞાન" એ પદનું નિરૂપણ કરેછે,

દોહા—સંશય વિપરિત ભાવના, દેહ વિષે નવ થાય;
તેમ જ્ઞાન શ્રી રામનું, ભલું જ્ઞાન કહેવાય. ૩૩

જેમ અજ્ઞાનીમાં હું મનુષ્ય છું એવી આત્મબુદ્ધિ છે, તેમાં હું મનુશ્ય નથી એવો સંશય થતો નથી, અથવા હું માણુસ નહીં પણ બળદ છું, એવી વિપરિત ભાવના થતી નથી, હું તો માણુસજ છું એવું મનુષ્ય દેહ વિષે દ્રઢ આત્મજ્ઞાન છે. તેવું પરમાત્માનું સંશયરહિત દ્રઢ જ્ઞાન, તેનેજ ઉત્તમ જ્ઞાન કહેવું.

હવે " ભલી નિષ્ટા " એ પદનો અર્થ કરે છે.

દોહા—જ્ઞાન ભકિતથી જે થઇ, સ્થિતી રામની માંહી;
તે ભલી નિષ્ટા રામમાં, ડગે કદાપી નહી. ૩૪

ઉપર જણાવી એવી જે ભકિત અને ઉપર પ્રમાણેનું રામજીને વિષે દ્રઢ જ્ઞાન, તે બે વડે કરીને રામજીને વિષે જે ઉત્તમ નિષ્ટા થઈ તે કદાપી ડગે નહી.

દોહા—ઢળ્યો રામના રૂપમાં, પઢયો રામનું નામ;
રામ રસે મદ મત સદા, તે સહુથી નિષ્કામ, ૩૫

જે રામ રસિક જન છે તે મન વડે કરીને રામજીના સ્વરૂપમાં લીન થઇ ગયો છે, કેમ કે તેનું મન રામજીના સ્વરૂપને છોડીને બાહ્ય વિષયોમાં દોડતું નથી, અને વાણીએ કરીને સદા રામજીનું નામ ભણી રહ્યો છે, એવી રીતે મનસા વાચાએ કરીને રામજીના અભિવ્યક ભજન

સુખ રૂપ મદિરાના મદમાં સદા ઉન્મત થઇ રહેલો છે. તેને સઘળા સંસારનાં સુખ છે તે કાંઇ કામનાં નથી. અને તે સુખથી તેને કાંઇ પ્રયોજન નથી, જેમ અમૃત પાનથી તૃપ્ત થયેલાને તરકારી પદાર્થોનું કાંઇ પ્રયોજન નથી, તેમ રામ રસથી તૃપ્ત છે તેને વિષય સુખનુ શું પ્રયોજન છે? માટે નિષ્કમતા છે તેજ ભગવદ્ પ્રાપ્તિનું અસાધારણ ચિન્હ છે. વિશ્નુ ભક્તિ કલ્પલતામાં કહ્યું છે કે,

શ્લોક.

श्री दामोदर सीदतामपिसता त्वतः परंयाचितं ॥
चेतोनेच्छती वेद गोरसलसद्धैयंग विनात्मनः ॥
कः कल्पद्रुम मूल निर्मलमणी निषन्न वेदितलं ॥
हीला कांक्षति तीर भूरु हलुर्वा छाया मया संमदा ॥

અર્થ-હે શ્રી દામોદર સત્ પુરૂષોનુ ચિત્ત તમારૂં સેવન કરિને તમારાથી ભિન્ન વસ્તુની ઇચ્છા નહી કરે, કેમ કે તમારા ભક્ત પરમહંસ અકિંચન છે કદાચ તે અન્નવસ્ત્રાદિકથી પિડિત હશે તોંપણ તે તમારાથી વિરૂદ્ધ વસ્તુની ચાહના નહીજ કરે, વળી તે મોક્ષને પણ ઇચ્છતા નથી. કારણ વેદ રૂપ દહીના સારભૂત માખણ રૂપ ભગવાન પોતે છો. તે ભક્તના આત્મા રૂપ છો, માટે નિત્ય પ્રાપ્ત સ્વરૂપ છો, માટે પ્રાપ્ત વસ્તુની તો ઇચ્છા સંભવતીજ નથી. જગતમાં સ્ત્રી પુત્રાદિક મેળવવાનો ઇચ્છા મનુશ્યને થાય છે પણ પોતાને મેળવવાની ઇચ્છા થતી નથી કારણ પોતે તો પ્રાપ્ત જ છે વળી આત્માને વિષે આત્માની ઇ-ચ્છાનો સંભવજ નથી. જેમ હસ્તગત ક્રિયાને હસ્ત ગ્ર-

હણુની ઇચ્છા સંભવતી નથી. માટે તમે ભક્તના નિશ્ચિંત આત્મારૂપ છો, તેથી તમને મેળવવાની પણ તે ઇચ્છા કરતા નથી અર્થાત મોક્ષને પણ તે ઇચ્છતા નથી. જેમ સ્વર્ગને વિષે ઉત્તમ જે નંદન વન, તે વનમાં ઉત્તમ એવું જે કલ્પવૃક્ષ. જેની નિચે ચિંતામણીનો ચોતરો હોય તે ચોતરા ઉપર કલ્પવૃક્ષની છાયામાં બેસીને બાવળની છાયાની ઇચ્છા કરે એવો કોઇ વિદ્વાન તો હોય નહી. પણ કદાચ મુરખને એવી ઇચ્છા થાય ખરી. કારણ મુરખને બધુએ સંભવે છે. પણ વિવેકી પુરૂષ કષ્ટ સહન કરે છતાં વિષય પ્રાપ્તિની ઇચ્છા કરે નહી.

દોહા–રામ રસે મદ મસ્ત તે, અવર બકે નહી કાંઇ;
રામ રામ મુખથી કહે રહે, રામની માંહી. ૩૬

જે પુરૂષ રામ રસથી છકેલા હોય છે તે પુરૂષ ભંગેરી મનુષ્યની માફક આડુ અવળુ બકતા નથી પણ તે રામ પરાયણ રહીને સદા રામ રામ રામ રામ એવુંજ બોલે છે.

દોહા–રામ રસાયણ પાનથી,ગણ્યું જગત તુચ્છ વાત;
તેને અન્ય ન જાણવો, પરિબ્રહ્મ સાક્ષાત. ૩૭

જેમ મનુષ્ય સાંઠાના રસને ચુસીને સાંઠાને તુચ્છ કરી ફેંકી દે છે. તે રીતે જેણે જગતના સાર રૂપ જે રામ રસ તેનો અનુભવ કરીને જગતને તુચ્છ ગણ્યું છે તેને સાક્ષાત પરમાત્માજ જાણવો.

દોહા–રામ રસાયણ પાનથી. અવર ન ભાસે કાંઇ,
રામ રૂપ સઘળે જુવે, રામ રહ્યા સહુ માંહી, ૩૮

રામ રસની મસ્તીમાં રામથી ભીન્ન કાંઈ જણાતુંજ નથી, અને આખુ જગત પણ રામથી ભિન્ન જણાતું નથી

અર્થાત સરવ જગત રામ રૂપજ ભાસે છે. (શંકા) જેમ છીપમાં રૂપું દેખાય છે તેને ભ્રમણા માનીએ છીએ. તેમ જગતને વિષે રામને દેખવો તે પણ ભ્રમજ હશે ? (ઉત્તર) ઘટાદિકને વિષે મૃતિકાદિકનો પેઠે નામ રૂપાત્મક સરવ જગતમાં સચ્ચિદ્ રૂપે રૂપક કરીને કેવળ રામજ રહ્યા છે. માટે જે સત્ વસ્તુને દેખવું તેમાં ભ્રમ નથી. જેમ ઘડાને મૃતિકા રૂપે દેખવા તે ભ્રમ નથી, તેમ જગતને રામ રૂપ દેખવુ તેમાં ભ્રમ નથી પણ તે સમ્યક જ્ઞાન છે. પણ જે રામ છે તેને જગતરૂપે જોવો તેજ ભ્રમ છે.

રામ રસના અનુભવથી જગત ભ્રમનો અભાવ કહો તે દ્રષ્ટાંતવડે બતાવે છે.

દોહા—જ્યમ મહાનિંદ્રા કેફમાં,ભ્રાન્તિ સહુ ટળી જાય;
રામ રસાયણ પાનથી, અવરન ભાસે કાંય. ૩૯

જેમ સુષુપ્તિને વિષે જગત્ત ભ્રમનો લય થાય છે, તેમ નિર્વિકલ્પ સમાધિમાં પણ ભેદ ભ્રમ લિન થઇ જાય છે.

હવે રામ રસના અનુભવથી જગતને રામરૂપ માન-વાનું દ્રષ્ટાંત બતાવે છે.

દોહા—જ્યમ મહા નિદ્રા કેફમાં, થાય સહુ નિજ રૂપ;
રામ રસાયણ કેફમાં, દેખે રામ સ્વરૂપ. ૪૦

જેમ સુષુપ્તિમાં જગતની સત્તા સાક્ષી સત્તારૂપ ભાસે છે, તેમ નિર્વિકલ્પ સમાધિમાં પણ જે સત્તા જગતરૂપ ભાસતી હતી, તે સત્તા રામ રૂપ ભાસે છે.

દોહા—જેના રસની કેફથી, ભાસે નહી સંસાર;
અમલી તે સહુથી વડા, ઉતરે નહીં ખુમાર. ૪૧

જે પુરૂષને રામ રસની મસ્તિમાં સંસારનું ભાન રહેતું નથી, તેને મોટો અમલી જાણવો કેમકે સદાય સહજ સમાધિ લાગીજ રહે છે.

હવે હમારા સરખા જે છે તે અમલીનો સ્વાંગ તો ધારણ કરે છે, પણ તે અમલી નથી. તે બતાવે છે.

દોહા—રામ રસો મુખ લાગિયો, અંતર ઉતર્યો નહી;
માંખ્યો વળગી મુખપરે,(પણ)કેફ નદિસે કંઇ.૪૨.

જેમ કાચા અમલીએ અફીણ મોઢે તો માંડયું તેથી મોઢુ અફીણવાળુ થયું પણ અંતરમાં ઉતર્યું નહીં. અને મોઢે અફીણ લાગવાથી બીજાને પણ તેણે અફીણ પીધાની શંકા થાય છે, પણ પોતાના શરિરમાં નિશો આવતો નથી. તે રીતે સત સંગતથી ભણવા સાંભળવામાં રામ રસ માંહ્યામાં તો આવ્યો નહી, પણ રામ રસની વારતા કહેતાં આવડી; એટલે રામ રસની વારતાને લીધે માંખ્યોની પેઠે દુનિયા તો પાછળ ભમવા લાગી. પણ પોતાને તો મનન નિદિધ્યાસનવડે કરીને રામ રસ અંતર ઉતર્યો નથી. તેવા પુરૂષના મનમાં રામ રસની ખુમારી ચઢતી નથી.

દોહા—લૂખિ વાત મુખથી કરે, અંતર નહી આવેશ;
જ્યમ લૂખિ ચેષ્ટા કરે, નટવો ધરી નૃપવેશ.૪૩

અંદર રામ રસની મસ્તી વગર કેવળ ઉપર ઉપરથી રામ રસની વાતો બનાવીને કહે છે, પરંતુ અંતરના આવેશ વગર તે વાતો તો લુખી છે, જેમ નટવો નૃત્ય કરે છે; તે વેષ ધારણ કરીને રાજાના જેવી ચેષ્ટા કરે છે, અને રાજાની બોલી બોલે છે. પણ તે ચેષ્ટા લુખી છે. કેમકે તે ચે-

છાથી રાજ્ય સુખની પ્રાપ્તી નથી. તેમ લૂખી રામ રસની વારતાથી રસના સ્વાદ કે સુખ મળે નહી.

દોહા—અર્થ અનુભવ નવથયો,(તો) વાતથકી શું કાજ;
એમ કરેથી શું વળે. ખાલી તોપ અવાજ.૪૪

જેમ ગોળી વગર એકલો દારૂ ભરીને બંદુકના અવાજ કરવાથી તે નિશાન મારતી નથી. તેમ શબ્દાર્થના અનુભવ વગર કેવળ શબ્દ કહેવા સાંભળવાથી અજ્ઞાનાદિકની નિવૃત્તી થતી નથી. વળી જેમ બાળક છે તે સ્ત્રીઓની ગુપ્ત વારતા સાંભળે છે, અને પોતે પણ કહે છે. પણ બાળકને વાર્તાના અર્થના અનુભવ નથી, તેથા તે વાર્તાથી બાળકને કામદેવના આવેશ થતો નથી તેમ શબ્દાર્થના અનુભવ વગર કેવળ શબ્દથીજ કાર્યની સિદ્ધિ થતી નથી.

એ પ્રમાણે કાચા અમલીનું કહ્યું. હવે પાકા અમલીની વાત કહે છે.

દોહા—રામ રસાયણ બહુ પીધુ, અંતર ગયું ઉભરાઈ;
તે અંતર ઉંડે નવિન,અનુભવ લહેર સદાય.૪૫

જેમ કોઈએ પેટ ભરિને મદ્ય પીધો હોય, અને તે બધો અંતર ટકી જાય, તો તેને નવી નવી લહેરીઓ ઉઠે છે; તેમ રામ રસો પણ જે પુરૂષે સત્ પુરૂષોના મુખ દ્વારા ઘણા કાળ સુધી શ્રવણ મનન કરીને પુર્ણ રીતે પીધો હોય, અને નિદિધ્યાસનવડે કરીને અંતઃકરણમાં ટકી રહ્યો હોય, તો તે પુરૂષને પણ રામના અનુભવની નવી નવી લહેર ઉઠે છે.

દોહા–રામ રસાયણ પાનથી, ઉઠે રસની લહેર;
અવર કાંઇ સુઝે નહી,આઠ પહોર રસ ભેર, ૪૬

દોહા–રામ રસાયણ પાનથી. આવે લહેર સદાય;
ગરક થયું તેમાં સહુ, તે જગમાં ફેલાય ૪૭

જેમ મધુપાનની ગાઢી લહેરમાં સર્વ જગતનું ભાન ગરક થઈ જાય છે, તેમ રામ રસની લહેરમાં પણ સર્વ જગતનું ભાન ગરક થઇ જાય છે. અને સર્વ જગતમાં એક રામજ ફેલાયલો જણાય છે. ભાગવતમાં કહ્યું છે કે,

श्लोक

देहंचनश्वरः मवस्थित् मुत्थितंवा सिद्धोनपश्यतियतोध्यगमत्स्वरुपं।
दैवादुपेत मथदैववशादुपेतं वासो यथा परिकृतं मादिरा मदान्धः ॥

અર્થ—જેમ મદિરાના મદથી અંધ થયેલા પુરૂષને પોતાના અંગ ઉપર વસ્ત્ર હોય તેનું, અથવા અંગ ઉપરથી પડી ગયેલા વસ્ત્રનું પણ ભાન રહેતું નથી. તેવીજ રીતે જે સિદ્ધ યોગી છે તે આસન ઉપર બેઠેલો અથવા આસન ઉપરથી ઉઠેલો પોતાનો દેહ તેને દેખતા નથી. કેમકે તે પોતાના સ્વરૂપને વિષે દ્રઢ સ્થિતી પામેલા છે.

દોહા–જેમ પ્રલયના સિંધુની, વાધે લહેર પ્રચંડ;
ફેલાયે સહુ જગતમાં, જળમય થાય ભુખંડ.૪૮

દોહા–રામ રસાયણ કેફમાં. બુદ્ધિ બહેરી થાય;
મન પણ પંગુ થઇ રહ્યું,ચિત્ત અચિંત થઇજાય.

જે પુરૂષની બુદ્ધિ રામ રસાયણની કેફમાં બાવરી થઇ ગયેલી છે. તે અન્ય વિષયોનું સ્મરણ કરી શકતી નથી.

મન પણ વિષય તરફ દોડવામાં થાકી ગયું છે, તે પુરૂષનું ચિત્ત પણ પોતાના અન્ય વ્યાપારને ત્યજીને અચિંત થઈ રહ્યું છે.

શંકા–જ્યારે તે પુરૂષનાં મન બુદ્ધાદિક થાકી ગયાં છે, ત્યારે દેહાદિકનો વ્યવહાર કેવી રીતે થતો હશે ?

ઉત્તર–દોહા–ભૂતપ્રવેશિત પુરૂષનો,ભૂતાધિનવ્યાપાર;
રામ પ્રવેશિત પુરૂષનો રામાધિન વ્યવહાર.૫૦

ભૂતના વળગાડવાળા પુરૂષના દેહ, ઇંદ્રિ અને મનમાં ભૂત પોતાનો અમલ કરે છે. તે પુરૂષ બિલકુલ સ્વતંત્ર નથી. તેથી દેહ ઇંદ્રિયો વડે ભૂત જેવી ચેષ્ટા કરાવે છે, તેવોજ તેનો દેહ ઇંદ્રિયોનો વ્યાપાર ચાલે છે. તેવિજ રીતે રામાવિષ્ટ પુરૂષનો રામજીને આધિન વ્યવહાર થાય છે. પોતાને આધિન થતો નથી.

દોહા–રામ રસે મસ્તિ ચઢયો, ઉતરે નહી લગાર,
સુતાં બેઠાં ચાલતાં, તુટે ન અંતર તાર.૫૧

અન્ય કેફની ખુમારી પહોર બે પહોર રહી ઉતરી જાય છે. પણ આ રામ રસની કેફ છે, તે સદા ઉઠતાં બેસતાં પણ ચઢેલી જ રહે છે. જ્યમ પર પુરૂષથી અત્યંત આશકત થયેલી સ્ત્રીનું ચિત્ત ઉઠતાં બેસતાં પર પુરૂષમાંજ લાગી રહે છે; તેમ રામ રસિક જનનું ચિત્તસદા રામમાંજ લાગી રહે છે. રામ રસનો સ્વભાવ છે કે, જો થોડો પણ અનુભવ કર્યો હોય તો પછી તે પુરૂષના પ્રયત્ન વગર પણ તે પુરૂષના ચિત્તને પોતાને વિષે ખેંચી લે છે.

દોહા–રામ રસાયણ વશ પડયો, છોડયો છુટે કેમ;
અમલી છોડે અમલને(પણ)અમલ નછોડેજેમ.૫૨

જેમ અફીણી અફીણને છોડવા ઈચ્છે તો પણ અફીણ તેને છોડતું નથી. તેમ રામ રસને વશ થયેલો રામ રસિક જન તે રસને છોડવા ચાહે તો પણ રામ રસ તેના ચિત્તને ખેંચીને જોરાવરી પોતાનો અનુભવ કરાવરાવે છે.

શંકા—જ્યાં સુધી પુરૂષ રસ પાન કરીને પૂર્ણ થયો નહી હોય, ત્યાં સુધી રસ પુરૂષના ચિત્તને ખેંચશે. પણ રસે કરી પૂર્ણ થશે, એટલે જળની પેઠે રસ તે પુરૂષને છોડી દેશે. ફેર ખેંચશે નહી.

ઉત્તર—દુહા—રામ રસે તરપતથયે,અન્યકશું નચહાય;
તે રસને પીવે સદા, રસથી નહી ધરાય. ૫૩

આ રામ રસ છે તે બીજા બધા રસથી જુદી તરેહનો છે. જેમ કોઇ પુરૂષને જળની તરષ લાગી હોય, તે વખતે જળ છે તે પુરૂષને પોતા તરફ ખેંચે છે. અર્થાત જળ તરફ આકર્ષણ થાય છે. પણ જ્યારે પેટ જળવડે પૂર્ણ થાય, એટલે જળ પુરૂષને આકર્ષણ કરતું નથી. વળી જળની ઇચ્છાજ જળથી તૃપ્ત થાય છે; બીજી ઇચ્છા જળથી તૃપ્ત થતી નથી. કેમકે જળ શિવાયની બીજી ઇચ્છા તો જળ મલ્યા છતાં પણ કાયમ રહે છે. પણ આ રામ રસની ચિત્તમાં ભરતી થાય છે તોપણ ચિત્ત રામ રસથી પૂર્ણ તૃપ્ત થતું નથી પણ રામ રસથી ભિન્ન જે વિષયાદિ વસ્તુ તેથી તૃપ્ત થાય છે. કેમકે જેમ જેમ રામ રસનો અધિક અધિક અનુભવ થાય છે, તેમ તેમ રામ રસની અધિક રૂચિ પ્રકટ થાય છે. અને અન્ય રસની ચાહના મટી જાય છે. માટે જ્યાં સુધી પુરૂષનો દેહ છે ત્યાં સુધી રસથી તૃપ્ત થતો

નથી અને ત્યાંસુધી રસ છે તે પુરૂષને છોડવાનો નથી એવો રસ પીવાથી પુરૂષ પણ રસ રૂપ થઈ જાય છે. પણ રસ છે તે પુરૂષને છોડતો નથી;

શંકા—રામ રસનું પાન કરવાથી અન્ય પદાર્થની તૃપ્તિ કેવી રીતે થઈ શકે ?

ઉત્તર—દોહા—જેમ અમૃતના પાનથી.ભૂખતરશ દૂરજાય;
પણ અમૃત પિવાતણી ઇછા અદકીથાય.૫૪

જેમ અમૃત રસનું પાન કરવાથી અન્નની ભુખ અને જળની તરશ મટે છે, પરંતુ અમૃતથી તૃપ્તિ થતી નથી. અને અધિક અધિક પીવાની ઇચ્છા થાય છે. તેમ રામ રસથી અન્ય પદાર્થની તૃપ્તિ થાય છે, અને રામ રસ ઉપર અધિક અધિક રૂચી થાય છે.

શંકા—અમૃત પાન અધિક કરવાથી વિકાર કેમ ન થાય?

ઉત્તર—દોહા—અમૃત અજીરણ થાય ના, થાય ન કાંય
વિકાર; વારંવાર પિધા થકી, ભાર ન રહે લગાર.૫૫

અમૃતથી અજીરણ થતું નથી, વળી તે પરમ ઔાષધિ રૂપ છે માટે તેથી કાંઇ વિકાર પણ થતો નથી વળી અમૃત પાણીથી પણ હલકું છે, માટે અમૃત પાનથી પેટમાં ભાર પણ થતો નથી. માટેજ દેવતાઓ તેનું વારંવાર પાન કરે છે. તેજ રીતે રામ રસથી પણ કાંઇ બાધ આવતો નથી. માટે રામ રસિકજન તેનું વારંવાર પાન કરે છે.

શંકા—જેમ ઘડો એક વાર પૂર્ણ ભરાયાથી સંપૂર્ણ થાય છે, તેમ એક વાર રામ રસ પૂર્ણપણે પીધાથી ચિત્ત પૂર્ણ કેમ ના ભરાય ? વળી જો એકવાર પીધાથી પૂર્ણ થઇ

જાય, તો પછી અધિક રસની જગ્યા રહે નહિ અને જો જગ્યા ખાલી રહે તો પછી એક વાર પીધાથી પૂર્ણ થયો કેમ કહેવાય?

દોહા—પૂર્ણ સિંધુ ઝલકાય ના. મેઘ નદીથી જેમ;
રામ રસિકને અંતરે રસ નવ ઝલકે તેમ. ૫૬

જેમ સમુદ્ર છે તે નદિઓનું અને વરસાદનું પાણી આવતા પહેલાં પણ પૂર્ણ જ છે. છતાં પણ નદિ મેઘાદિનું જળ સ્વિકાર કરે છે. અને તે બધું જળ પોતાનામાં સમાવી દે છે, પણ તે ઉભરાઇ જતો નથો. તેમ રામ રસિક જન છે તે એક વાર રામરસ પીવાથી પૂર્ણ થઇ રહેલા છે. તથાપી વારંવાર અધિક અધિક રસનું પાન કરે છે. છતાં તે ઉભરાઇ જતા નથી. કેમ કે તેનું ચિત્ત સમુદ્ર જેવું છે માટે સર્વ રસને સમાવી લે છે.

શંકા—જો એકવાર રસ પીધાથીજ પુરૂષ પૂર્ણ થયો, તો પછી તેને અધિક પીવાની ઇચ્છા રહેવી જોઇએ નહી. જો અધિક પીવાની ઇચ્છા રહે તો તે પૂર્ણ થયો કહેવાય નહી. કારણ પૂર્ણને કાંઇ પણ ઇચ્છા સંભવે નહી. ઉત્તર—

દોહા—જે ઇચ્છા પૂરણ તણી, ઇચ્છા નવ કહેવાય;
તેને લીલા માનવી જ્યમ ઇશ્વર ઇચ્છાય. ૫૭

પુરૂષ જે વસ્તુથી અપૂર્ણ છે તે વસ્તુ મેળવવાની ઇચ્છા તે ચાહના કહેવાય છે. અને જે વસ્તુ વડે પ્રથમથીજ પૂર્ણ છે, છતાં યત્ન વગર સહજ પ્રાપ્ત થાય, તેના ગ્રહણની જે ઇચ્છા તે ચાહના કહેવાય નહી. પણ તે ભક્તિ કહેવાય

છે. અથવા સ્વભાવિક સ્નેહ કહેવાય છે. જેમ સમુદ્ર પ્રથમથી જ જળ વડે કરીને પૂર્ણ છે; તથાપી યત્ન વગર નદિ મેઘાદિનું જળ આવી પ્રાપ્ત થાય છે. તેને સમુદ્ર હેતુ પ્રયોજન વગર સ્વભાવથી જ ગ્રહણ કરે છે. માટે તે ગ્રહણની ઇચ્છા તે સમુદ્રની પૂર્ણતાને હાની કરતા નથી. માટે તે ઇચ્છાને ચાહના કહેવાય નહી. પણ તે સ્વભાવિક સ્નેહ કહેવાય છે. તેમ રામ રસિક જન છે તે પણ શ્રવણાદિકના દ્રઢ અભ્યાસ વડે રામ રસનો સાક્ષાતકાર થવાથી તેના એકવારના અસ્વાદનથીજ પૂર્ણ થયેલછે. તેને બીજી ચાહના રહેતી નથી. તથાપી યત્ન વગર અભ્યાસ પૂર્ણ સ્થિર ચિત્તમાં સ્વાભાવિક ઉત્પન્ન થયેલા રામ રસનું હેતુ પ્રયોજનવગર અસ્વાદન કરે છે. આ પ્રમાણેની ઇચ્છા તે ચાહના નહી પણ ભક્તિ જાણવી, અથવા બીજે અર્થ, કામાશક્ત પુરૂષની જે ચાહના તે ચાહના કહેવાય. પણ પૂર્ણ કામની જે ચાહના તે ચાહના કહેવાય નહી, પણ તે લીલા કહેવાય. જેમ ઇશ્વર પૂર્ણ કામ છે, તથાપી શ્રષ્ટાદિકની ઇચ્છા કરે છે; છતાં તે ઇચ્છાથી ઈશ્વરના પૂર્ણ કામ પણાની કાંઇ હાની થતી નથી, તેમ ઈશ્વરનો જે ભક્ત છે તે એકવાર ઇશ્વરનો સાક્ષાતકાર થયો એટલે તે પૂર્ણ કામ થાય છે. તથાપી ફરી ફરી ઇશ્વર સુખના અસ્વાદનને ઇચ્છે છે, તેથી તેના પૂર્ણ કામપણાની કાંઇ હાની થતી નથી.

શંકા—જીવને અને ઇશ્વરને સમાનતા નથી. માટે ઈશ્વરનું દ્રષ્ટાંત જીવને વિષે કેવી રીતે સંભવી શકે। ઉત્તર—

દોહા—જળ તરંગ જળથી થયો, જળમાં કરે વિલાસ;
ભેદ નહી જળથી કરયો, તેમ હરિ હરિ દાસ. ૫૮

અજ્ઞાની જીવને અજ્ઞાને કરીને જીવ ઇશ્વરમાં ભેદ જણાય છે; માટે અજ્ઞાનીને ઇશ્વરનું દ્રષ્ટાંત ઉચિત નથી. પરંતુ જીવ ઇશ્વરના ભેદનું તત્વ જેણે જાણ્યું છે, એવો જે ભક્ત તે જીવ ઇશ્વરમાં ભેદ દેખતોનથી. માટે પૂર્ણ કામાદી કહીને ભક્તને ઇશ્વરનું દ્રષ્ટાંત ઉચિત છે. જેમ જળનો તરંગ જળમાંજ ઉત્પન્ન થયો છે; અને જળમાં જ રહે છે; અને જળમાંજ વિલ્લાસ કરે છે. અને તે જળ રૂપજ છે. જળમાં અને તેમાં કાંઈ ભેદ નથી, ફક્ત કહેવા માત્રનોજ ભેદ છે. તેમ હરિમાં અને હરિના દાસમાં પણ કહેવા માત્રનો જ ભેદ છે. વસ્તુતઃ ભેદ છે નહી. કેમ કે હરિથી થયો છે, હરિમાં રહ્યો છે, અને સદા હરિમાં વિલાસ કરે છે, માટે હરિ રૂપજ છે.

હવે ત્રણ દોહરા વડે ગ્રંથની સ્તુતિદ્વારા ગ્રંથની સમાપ્તિ કરે છે.

દોહા—રામ રસાયણની તુલે, અન્ય રસાયણ નહી;
અન્ય રસાયણ શરિરને, ગુણ કરતા જગ મહી. ૫૯

જગતમાં રામ રસાયણની બરોબર અમૃતાદિક ધાતુ અને કીમીયાદિક રસાયણ નથી; કેમ કે એ રસાયણથી શરિરમાં આરોગ્યાદિ ગુણની સિદ્ધિ થાય છે. પરંતુ ભગવદ્રૂપની પ્રાપ્તિ થતી નથી. અને રામ રસાયણ પાનથી ભગવદ્રૂપની પ્રાપ્તિ થાય છે.

દોહા—રામ રસાયણને પીયે, રામ રસિક જન થાય;
અન્ય રસાયણ પાનથી, તદ્રુપ નહી થવાય. ૬૦

રામ રસાયણનું પાન કરવાથી પુરૂષ રામ રસાયણ રૂપ થઇ જાય છે. અને અમૃતાદિક પાનથી પુરૂષ આરોગ્ય થાય છે અને ક્ષુધા તૃષાની નિવૃત્તી થાય છે, પરંતુ અમૃત રૂપ થઇ જતો નથી. માટે જગતમાં રામ રસાયણ છે તે સર્વ રસાયણથી અધિક છે.

હવે નારાયણના સ્મરણ પૂર્વક અંત મંગલાચરણ કરેછે.

દોહા—વણ બોલાવે સ્મર્ણથી, દોડી આવે પાસ;
એ દયાળુને કેમ તું, ભજે ન માણેકદાસ. ૬૧

જે નારાયણ ભક્તના બોલાવવાની પણ વાટ નહીં જેતાં વગર બોલાવે ફક્ત સ્મર્ણ કરતાંજ ભક્તના અંતઃકરણમાં આવીને પોતે વાસ કરેછે, એવા પરમ દયાળુ ભગવાનને હે માણેકદાસ તું કેમ ભજતો નથી. અથવા માણેકદાસ કહે છે કે, એવા પરમ દયાળુ ભગવાનને તું કેમ ભજતો નથી.

(ભાષાન્તર કર્તાની વિજ્ઞપ્તિ)

—※—

દોહા—રામ રસાયણ ગ્રંથ આ, રામ કૃપાથી આજ;
ગિરા ગુર્જરીમાં લખ્યો, સુજ્ઞ જનોને કાજ, ૧
ભાષાન્તર હિંદી તણું, યથા બુદ્ધિ અનુસાર;
પ્રેરક પ્રભુએ પ્રેરિયું, તે લખિયું આ ઠાર. ૨
મુજ અજ્ઞાને ગ્રંથમાં, દોષ થયો દેખાય;
સુધારશો સજ્જન સહુ, મુજ પર કરીકૃપાય. ૩

ધરી હંસ વૃત્તિ દિલે, ગ્રહો દુધ સમ સાર;
અસાર વારી સમ ત્યજી, પ્રેમે પામો પાર. ૪
અજ્ઞ મુમુક્ષુ જ્ઞાનીને, પ્રિતે કરી પ્રણામ;
વિનય ભાવથી વિનવે, વિપ્ર બુલાખીરામ. ૫

શ્રી રામ રસાયણનું ગુજરાતી ભાષાન્તર સંપૂર્ણ.

જાહેર ખબર.

નીચે લખેલાં પુસ્તકો અમારે ત્યાંથી નીચે લખેલે ઠે[illegible]
ભેથી વેચાતાં મળશે. જેની કીંમતના પઇસા ધર્મમાં વપરાય[illegible]

૧ ભક્તમાળનીપર ટિકા-મહારાજ શ્રી લાલદાસજી કૃ[illegible]
(ગુજરાતી ભાષામાં.) કીંમત રૂ. ૦-૪[illegible]

૨ શ્રી ભગવદ્ ગીતા (દુહા-ચોપાઇમાં શ્રી રામભકત [illegible]
(પુરાતન પુસ્તક.) કીંમત રૂ. ૦-૧-૬

ગોસ્વામી તુલસીદાસ કૃત રામાયણ ઉત્તરકાંડ
(શુદ્ધ ગુજરાતી ભાષામાં. કીંમત ૦-૩-૦

૪ શ્રી રામ રસાયણ, (શુદ્ધ ગુજરાતી.
ભાષામાં. કીંમત ૦ ૨-૦

ડાકોર—બુકસેલર ભોગીલાલ તથા બાવા રામદાસજીને ત્યાંથી મળશે.

એન. એમ. ત્રીપાઠી કંપની કાલબાદેવીરોડ—મુબાઇ.

શ્રી વંકટેશ્વર પ્રેસના માલીક ખેમરાજ શ્રીકૃષ્ણ ખેતવાડી-મુંબાઈ

એ સિવાય અમદાવાદમાં તમામ બુકશેલરો પાસેથી અને બીજા ગામોમાં ત્યાંના ઘણા ખરા બુકસેલરોને ત્યાંથી મળશે. જથાબંધ ખરીદનાર વેહેપારીને સારૂ કમીશન આપવામાં આવશે, અરધા આનાની ટીકીટ મોકલનાર વહેપારીને નમુના માટે એક પ્રત મફત મોકલવામાં આવશે.

શા. કશનદાસ મોહનલાલ.
સાંકડીશેરી, દેવજીસરિયાની પોળ—અમદાવાદ.